સુવિચાર
''ગમે તેટલા સારા માણસ માટે પણ ખરાબ બોલનાર મળી રહેવાનાં''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૬/૦૫/૨૦૨૬, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૨ અ. જેઠ સુદ-૧૧ વર્ષ : ૧૭ અંક : ૧૩૮

## ૧૧ દિવસમાં ચોથી વખત પેટ્રોલ-ડીઝલની કિંમતમાં વધારો

# દેશમાં પેટ્રોલનો ભાવ પહેલીવાર ૧૦૦ રૂપિયાને પાર

**પેટ્રોલનાં ભાવમાં પ્રતિ લીટર ૨.૬૧ રૂપિયા અને ડીઝલમાં રૂપિયા ૨.૭૧નો વધારો કરાયો**

**દેશનાં કરોડો પરિવારનું ઘરનું બજેટ વેરવિખેર થઈ જશે**

**''અચ્છે દિન''નાં સપના દેશવાસીઓનાં ચકનાચુર અને બુરે દિનનો પ્રારંભ**

**રાજ્ય અને કેન્દ્ર સરકારે ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારની મદદ કરવી જરૂરી**



નવી દિલ્હી, તા.૨૫

સોમવારે ફરી એકવાર પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંકટને ધ્યાનમાં રાખીને, તેલ કંપનીઓએ હવે વધુ આયાતનો બોજ સામાન્ય લોકો પર હપ્તામાં નાખવાનું શરૂ કર્યું છે. આજે પેટ્રોલમાં ૨.૬૧ રૂપિયા પ્રતિ લિટર અને ડીઝલ ૨.૭૧ રૂપિયા પ્રતિ લિટર મોંઘું થયું છે. દિલ્હીમાં પેટ્રોલ રૂ.૨.૬૧ મોંઘુ થઈને પ્રતિ લિટર ૧૦૨.૫૨ પર પહોંચી ગયું છે. ડીઝલ રૂ.૨.૭૧ વધીને પ્રતિ લિટર રૂ.૯૫.૨૦ પર પહોંચી ગયું છે.

સૌથી નોંધપાત્ર વધારો એ છે કે છેલ્લા ૧૧ દિવસમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં આ ચોથી વખત વધારો છે. પહેલો વધારો ૧૫ મેના રોજ લગભગ ૩ રૂપિયાનો, પછી ૧૯ મેના રોજ લગભગ રૂ.૯૦નો, ફરી ૨૩ મેના રોજ લગભગ રૂ.૯૦નો અને હવે ફરી ૨૫ મેના રોજ નોંધપાત્ર વધારો થયો છે. એકંદરે, છેલ્લા ૧૦ દિવસમાં પેટ્રોલ રૂ.૭.૩૫ અને ડીઝલ રૂ.૭.૫૩ પ્રતિ લિટર મોંઘુ થયું છે.

આ ભાવ વધારા સાથે, ડીઝલ, જે અગાઉ દિલ્હીમાં પ્રતિ લિટર રૂ. ૯૨ .૪૯ હતું, તે હવે આજથી રૂ. ૯૫.૨૦ પ્રતિ લિટરના ભાવે વેચાશે. આનો અર્થ એ થયો કે ડીઝલ પ્રતિ લિટર રૂ. ૨.૭૧ મોંઘુ થયું છે. એ જ રીતે, પેટ્રોલ, જે અગાઉ રૂ.૯૯.૫૧ પ્રતિ લિટર હતું, તે આજે ૨૫ મેના રોજ વધીને રૂ.૧૦૨.૧૨ પ્રતિ લિટર થયું છે.

રાજધાનીમાં ફક્ત નિયમિત પેટ્રોલ અને ડીઝલ જ નહીં, પરંતુ પ્રીમિયમ ઈંધણના ભાવ પણ એ જ ગતિએ વધ્યા છે. **XP95**, જેનો ભાવ રૂ.૧૦૬.૬૩ પ્રતિ લિટર હતો, તે ૨૫ મેના રોજ વધીને રૂ.૧૦૯.૨૪ થયો. **XG** ની કિંમત રૂ. ૯૭.૮૧ થી વધીને રૂ. ૧૦૦.૫૨ પ્રતિ લિટર થઈ ગઈ.

મુંબઈમાં આજે પેટ્રોલનો ભાવ રૂ.૧૧૧.૨૧ પ્રતિ લિટર છે, જે ગઈકાલના રૂ.૧૦૮.૪૫ કરતા થોડો વધારે છે. અહીં પેટ્રોલનો સૌથી ઓછો ભાવ ૬ મેના રોજ રૂ.૧૦૩ પ્રતિ લિટર હતો.

નોઈડામાં, ડીઝલનો ભાવ રૂ. ૯૫.૫૬ પ્રતિ લિટર, પેટ્રોલનો

અનુસંધાન પાના ૬ ઉપર

**ક્યારે કેટલો વધ્યો પેટ્રોલ-ડીઝલનો ભાવ?**

- 19 May: પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૯૦ પૈસાનો વધારો
- 23 May: પેટ્રોલમાં ૮૭ પૈસા અને ડીઝલમાં ૯૧ પૈસા પ્રતિ લિટરનો વધારો
- 25 May: પેટ્રોલ ૨.૬૧ અને ડીઝલ ૨.૭૧ રૂપિયા પ્રતિ લિટરનો વધારો

## 'આપ'ના અગ્રણી કાંતિલાલ સતાસીયાએ જબ્બરી સફળતા મેળવી

# બગસરા તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસને પછાડીને આમ આદમીની પાર્ટીએ સત્તાનું સુકાન સંભાળી લીધુ

**પ્રમુખપદે રમેશભાઈ સતાસીયા અને ઉપપ્રમુખપદે ચંપુભાઈ ડવની વરણી**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૫

બગસરા તાલુકા પંચાયત આપ પાર્ટીએ કબ્જે કરી. તાલુકા પંચાયતમાં ૧૬ સીટમાંથી ૧૦ સીટ આમ આદમી પાર્ટી તથા ૭ ભાજપને મળતા બહુમતી આમ આદમી પાર્ટીને મળી જોકે તાલુકા પંચાયતની પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણીમાં ભાજપ પક્ષમાંથી કોઈ દાવેદારી કરી ન હતી અને આમ આદમી પાર્ટી બિન હરીફ જાહેર કરી હતી. આત કે તાલુકા પંચાયતમાં વરણી થયેલ પ્રમુખ ઉપપ્રમુખને કાંતિભાઈ સતાસિયા તથા જિલ્લા પંચાયતના સદસ્યો વનરાજભાઈ વાળાએ હાર પહેરાવીને મોં મીઠા કરાવ્યા હતા તાલુકા પંચાયતના ચૂંટણી અધિકારી તરીકે જિલ્લા પુરવઠા અધિકારી પી.બી. કુંભાણીના અધ્યક્ષ સ્થાને આ ચૂંટણી કરવામાં આવી હતી પરંતુ ૩૦ મિનિટથી વધુ સમય મોડું થયું હતું તથા ટીડીઓ પણ પોણો કલાક મોડા આવતા બાજુમાં કવોટરમાં જ રહે છે છતાં મોડા પડયા આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓમાં નારાજગી જોવા મળી હતી અધિકારી મોડા અને પોતાની મનમાની કરતા હોય તેવું લોક મુખે ચર્ચાઈ રહ્યું હતું સરકારી ધારા ધોરણ મુજબ ૧૧ વાગ્યાનો સમય ચૂંટણીનો હોય પરંતુ ચૂંટણી અધિકારી જ મોડા આવતા ચૂંટણીમાં આવેલ લોકોમાં અનેકવાર ચર્ચાનો વિષય બન્યો હતો આપ આદમી પાર્ટી દ્વારા તાલુકાના પ્રાણ પ્રશ્નો ઉકેલવાની ખાત્રી આપી.

સુશ્રુત આયુર્વેદ હોસ્પિટલ
ડો. દિક્ષીતા ભંડેરી (રીબડીયા) (એમ.એસ.આયુર્વેદ)
હરસ-મસા-ભગંદર તથા પંચકર્મના નિષ્ણાંત
➡ ગેસ, એસીડીટી, કબજીયાત, ચામડીના રોગો ➡ માનસીક રોગ, માઈગ્રેન, વજન ઘટાડવું
➡ તમામ પ્રકારના વા (દુઃખાવા), સ્ત્રીરોગ ➡ વગેરેમાં જળમુળથી થતી પંચકર્મ સારવાર
સ્થળ : માણેકપરા, નારી હોસ્પિટલની બાજુમા, અમરેલી
મો. ૭૨૧૧૧ ૨૯૫૯૮

ડો. જીતેન્દ્ર એ. સોલંકી
એમ.એસ.(ઓપ્થલ)
આંખના સર્જન
શિવમ્
આંખની હોસ્પિટલ
ઉપલબ્ધ સુવિધાઓ.....
- મોતીયાનાં ઓપરેશન તથા નેત્રમણી આરોપણ
- નેત્રમણી માટે ટાંકા વગરના ઓપરેશનો (ફેકો)
- આંખનાં નંબરની કોમ્પ્યુટર દ્વારા તપાસ
- કોન્ટેક્ટ લેન્સ કિલનીક તથા નંબર ઉતારવા વિશે માર્ગદર્શન
- પડદાનાં રોગોની તપાસ તથા સારવાર
- આંખની રસી, ફુલુ, ચાંદાની સારવાર
- દર્દી તપાસવાની OPD નીચે ગ્રાઉન્ડ ફલોર પર
માણેકપરા, પી.પી.સોજીત્રા સાહેબનાં બંગલાની સામે, અમરેલી મો.નં. ૭૪૮૭૮ ૦૨૭૯૯

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,45,700/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૨૫/૦૫/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

અપોલો હોસ્પિટલ્સ–અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી
અમરેલી માં...
Apollo HOSPITALS
દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. જતીન વખારિયા, કન્સલટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન, MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS
દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. પાર્થ જોષી, MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર) મિનિમલી ઈન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઈન સર્જન
દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. શ્રેયા બુટાલા, MD, DM Gastro (SGPGIMS), Consultant Gastroenterologist and Hepatologist
દર મહિનાના ત્રીજા શુક્રવારે — ડો. પ્રિતિશ શાહ, એમબીબીએસ,એમડી (મેડિસિન), ડીઆરએનબી (નેફ્રોલોજી) કન્સલટન્ટ નેફ્રોલોજિસ્ટ
લક્ષણો:
આસ્થા હોસ્પિટલ
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : +91 8238984000 & 7698815315
અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧–એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ – ગાંધીનગર. 8401801066

### સામાન્ય બાબતને લઈને ૨ યુવકે જીંદગી ટુંકાવી

# અમરેલી જિલ્લામાં ૨૪ કલાકમાં અપમૃત્યુનાં ૪ બનાવો નોંધાયા

### ૧ વ્યકિતનું વેલ્ડિંગનુ કામ કરતા પડી જવાથી મોત

અમરેલી, તા. ૨૫

અમરેલી જીલ્લામાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન અલગ અલગ ચાર અપમૃત્યુના બનાવોમાં ત્રણ સાવરકુંડલા પંથકના તથા એક વડિયા પંથકના યુવકનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતા પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

વડીયા તાલુકાના મેઘા પીપળીયા ગામે રહેતા કમલેશ વિનુભાઈ સોલંકી નામના ૨૭ વર્ષીય યુવકના પત્નિ છેલ્લા નવેક મહીનાથી રીસામણે તેના પીયરમાં હોય યુવક તેની પત્નિને તેડવા જવા છતાં તેણી આવેલ ના હોય જેથી યુવકના મનમાં લાગી આવતા ગત તા. ૨૨ના સાંજના આઠેક વાગ્યે મેઘા પીપળીયા ગામે પોતાની મેળે ગળાફાંસો ખાઈ લેતા યુવકનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતા પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

બીજા બનાવમાં સાવરકુંડલા તાલુકાના લીખાળા ગામે રહેતા અને ખેતી કામ કરતા હીંમતભાઈ માવજીભાઈ સુહાગીયા નામના ૫૮ વર્ષીય આધેડે ગત તા. ૨૩ના રોજ મોડી રાત્રીથી સવાર સુધીના સમય ગાળા દરમિયાન લીખાળા ગામે પોતાની વાડીએ કોઈ અગમ્ય કારણોસર વાડીમાં કુંડી પાસે મીઠા લીમડાના ઝાડ સાથે દોરડુ બાંધી ગળાફાસો ખાઈ લેતા તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતા પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

ત્રીજા બનાવમાં સાવરકુંડલા ગામે ભુવા રોડ ઉપર આવેલ માધવાણી વાડી પાસે રહેતા પ્રકાશ જેન્તીભાઈ સોલંકી નામના ૩૫ વર્ષીય યુવકની પત્નિ અન્ય કોઈ સાથે ફોનમાં વાત કરતા હોય જે બાબતે યુવકે પોતાની પત્નિને પુછતા યુવકની પત્નિએ કોઈની સાથે વાત નથી કરતી તેમ જણાવતા યુવકના મનમાં લાગી આવતા ગત તા.૨૩ના રોજ આશરે ૪/૩૦ વાગ્યા પહેલા ઝેરી દવા પી જવાથી તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતા પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

ચોથા બનાવમાં સાવરકુંડલા તાલુકાના ચરખડિયા ગામે રહેતા મહેશ શાંતિભાઈ માજુસા નામનો ઈસમ ગત તા.૨૩ના રોજ સવારે ૧૧/૩૦ વાગ્યા અમરેલીના સુળીયા ટીંબા વિસ્તારમાં રહેતા વિપુલભાઈ જીલાભાઈ ગઢવીના ઘરે પતરાનો શેડ બનાવવા માટે ઘોડા ઉપર ચડીને વેલ્ડીંગનું કામ કરતા હોય અચાનક જ કોઈ કારણોસર ઘોડો એક તરફ નમી જતા તેઓ ઘોડા ઉપરથી નીચે પડી જતા તેમને માથાના પાછળ ના ભાગે ગંભીર ઈજા થવાથી તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતા પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલછે.

### પ્રમુખનાં ઉમેદવાર મોડા પહોંચતા ઘડીભર વાતાવરણ ગરમાયુ અંતે ઘીના ઠામમાં ઘી પડી ગયું

# લ્યો બોલો : લાઠી તાલુકા પંચાયતમાં ભાજપનાં ટેકાથી આમ આદમી પાર્ટીનાં વિજેતા ઉમેદવાર પ્રમુખ બન્યા

### પ્રમુખ પદ ઓબીસી મહિલા માટે અનામત હોય ભાજપ પાસે ‘આપ’ને ટેકો આપવો મજબુરી

અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લાની તમામ ૧૧ તાલુકા પંચાયતોમાં આજે પ્રમુખ અને ઉપપ્રમુખ પદની ચૂંટણી યોજાઈ હતી. જેમાં સૌથી વધુ રસપ્રદ અને રાજકીય રીતે ચર્ચાસ્પદ ચૂંટણી લાઠી તાલુકા પંચાયતમાં જોવા મળી હતી. પ્રમુખ પદના ઉમેદવાર રમીલાબેન પુનતિયા સભાખંડમાં થોડા મોડા પહોંચતા ઘડીભર માટે સભાખંડમાં તંગદિલીભર્યુ વાતાવરણ સર્જાયું હતું અને કોંગ્રેસે વિરોધ નોંધાવતા મામલો ગરમાયો હતો. જો કે ચૂંટણી અધિકારીએ નિયમો મુજબ કાર્યવાહી આગળ વધારતા અંતે ભાજપના ટેકાથી આપ પાર્ટીના સભ્ય રમીલાબેન પુનતિયા પ્રમુખ પદે બિનહરીફ સમાન રીતે વરાયા હતા.

લાઠી તાલુકા પંચાયતના પ્રમુખ પદ માટે ભાજપ દ્વારા જાહેર કરાયેલા ઉમેદવાર રમીલાબેન પુનતિયા સભા ખંડની બેઠક દરમિયાન મોડા પહોંચતા રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. કોંગ્રેસના નેતા જેનીબેન ઠુમ્મરે ઉમેદવારને સભાખંડમાં પ્રવેશ આપવા મામલે વાંધો ઉઠાવતા કેટલાક સમય માટે વાતાવરણમાં તંગદિલી સર્જાય હતી.

ત્યારે ચૂંટણી અધિકારીએ નિયમોનો ઉલ્લેખ કરીને પ્રમુખપદના ઉમેદવાર રમીલાબેન પુનતિયાને બેઠકમાં હાજર રહેવા માટે બોલાવ્યા હતા. ત્યારબાદ સમગ્ર પ્રક્રિયા નિયમસર પૂર્ણ કરવામાં આવી હતી.

લાઠી તાલુકા પંચાયતમાં ભાજપ પાસે સ્પષ્ટ બહુમતી હોવા છતાં એક પણ ઓબીસી મહિલા ઉમેદવાર ચૂંટાયા ના હોય જેથી પ્રમુખપદ માટેના ઉમેદવારનો અભાવ હોવાથી ભાજપે રાજકીય સમીકરણ ગોઠવી આપ પાર્ટીના સભાડિયા બેઠકના સભ્ય રમીલાબેન પુનતિયાને પ્રમુખ પદ માટે ટેકો આપ્યો



હતો. પરિણામે આપ પાર્ટીના સભ્ય હોવા છતાં ભાજપના સમર્થનથી તેઓ પ્રમુખ પદે વરાયા હતા.

આ સમગ્ર ઘટનાક્રમને કારણે લાઠી તાલુકા પંચાયતની ચૂંટણી જિલ્લાભરમાં ચર્ચાનો વિષય બની હતી. ભાજપે સત્તા પોતાના હાથમાં જાળવી રાખવા માટે રાજકીય વ્યૂહરચના અપનાવી આપ પાર્ટીના સભ્યને પ્રમુખ બનાવી સત્તા હાંસલ કરી હોવાની ચર્ચાઓ રાજકીય વર્તુળોમાં ચાલી રહી છે.

ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ લાઠી તાલુકા પંચાયતના ઉપપ્રમુખ પદે પંકજ બલરની વરણી કરવામાં આવી હતી જયારે કારોબારી ચેરમેન તરીકે રીંકલબેન પરમારની પસંદગી કરવામાં આવી હતી.

લાઠી તાલુકા પંચાયતની આ ચૂંટણીમાં સર્જાયેલા રાજકીય નાટક અને અંતિમ પરિણામે સમગ્ર અમરેલી જિલ્લા રાજકારણમાં નવી ચર્ચાને જન્મ આપ્યો છે.

### અમરેલી જિલ્લામાં ‘‘રખડુ શ્વાન’’ની સમસ્યા દૂર કરવાની તંત્રને ઉતાવળ નથી

# વડિયાનાં ખાન ખીજડીયા ગામે શ્વાનનો આતંક, ૧૦ દિવસમાં શ્વાનનાં 3 હુમલાથી ગ્રામજનોમાં ફફડાટ

### જનપ્રતિનિધિઓને પણ રખડુ શ્વાન કે રખડતા પશુઓની સમસ્યા ધ્યાને આવતી નથી

વડિયા, તા. ૨૫

વડિયા તાલુકાના ખાન ખીજડીયા ગામે રખડતા ાનનો આતંક ચરમસીમાએ પહોંચ્યો છે. ગામમાં છેલ્લા ૧૦ દિવસમાં ાન દ્વારા માસૂમ બાળકો પર ત્રીજો જીવલેણ હુમલો કરવામાં આવતા સમગ્ર પંથકમાં ભારે અરેરાટી અને ભયનો માહોલ વ્યાપી ગયો છે. એક માસૂમ બાળકનો ભોગ લીધા બાદ આજે ફરી ાને એક ખેતમજૂરના બાળકને ફાડી ખાવાનો પ્રયાસ કર્યો છે. ખાન ખીજડીયા ગામે રહેતા અને મજુરી કામ કરી પેટયુ રળતા મુળ મધ્યપ્રદેશના વિજય નામના સાત વર્ષના બાળકને ાન દ્વારા બટકા ભરી લોહી લુહાણ કરી દેતા હાહાકાર મચાવ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર ખાનખીજડિયા ગામે આજે ફરી એકવાર હિંસક બનેલા ાને એક ખેતમજૂરના માસૂમ બાળક પર જીવલેણ હુમલો કર્યો હતો. ાને બાળકના માથા અને હાથના ભાગે ગંભીર બચકાં ભરી તેને લોહીલુહાણ કરી નાખ્યો હતો. ઘટનાને પગલે આસપાસના લોકો દોડી આવતા બાળકના પ્રાણ બચ્યા હતા. ભોગ બનનાર બાળકને તાત્કાલિક સારવાર અર્થે વડિયા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જયાં તેની સ્થિતિ ગંભીર હોવાના કારણે વધુ સારવાર માટે જૂનાગઢ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યો છે.

**૧૦ દિવસમાં ૩ હુમલાઃ અગાઉ એક નિર્દોષ બાળકનું મોત**

ઉલ્લેખનીય છે કે, ખાનખીજડિયા ગામે ાનો જાણે આદમખોર બન્યા હોય તેમ એકપછી એક નિર્દોષોને નિશાન બનાવી રહ્યા છે. આ પહેલા પણ ાને એક માસૂમ બાળક પર હિંસક હુમલો કરીને તેને મોતને ઘાટ ઉતાર્યુ હતું. આ ગોઝારી ઘટનાના આઘાતમાંથી ગામ હજુ બહાર આવ્યું નથી, ત્યાં જ આજે ત્રીજો હુમલો થતાં ગ્રામજનો ધ્રૂજી ઉઠયા છે.



ગામમાં રખડતા અને હિંસક બનેલા ાનોના કારણે હવે બાળકોને ઘરની બહાર કાઢવા પણ મુશ્કેલ બન્યા છે. તંત્ર તાત્કાલિક જાગે અને આ આદમખોર ાનોને પકડવા માટે યુદ્ધના ધોરણે કડક પગલાં ભરે તેવી લોક માંગ ઉઠી રહી છે

### ૨૦૦ કિ.મી. સુધીનાં ૧૫૦થી વધારે સી.સી.ટી.વી. કેમેરાનો અભ્યાસ કરીને

# બાબરાનાં ખાખરીયામાં ઘરફોડ ચોરીના ગુન્હામાં ચામડા–નાનાવત ગેંગને પૂનાથી ઝડપી લેવાઈ

### 3 આરોપીઓ ઝડપાયા અને અન્ય ૫ આરોપીઓની શોધખોળ શરૂ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૫

બાબરાનાં ખાખરીયા ગામે ઘરફોડ ચોરીનાં કેસમાં આરોપીઓને ઝડપવા માટે ક્રાઈમ બ્રાન્ચ અને સ્થાનિક પોલીસે તે વિસ્તારનાં ૨૦૦ કિ.મી. સુધીનાં ૧૫૦થી વધારે સીસીટીવી કેમેરાનો સઘન અભ્યાસ કરીને ચોરી કરનાર ૨ ઈસમોની પુના ખાતેથી અટકાયત કરવામાં આવી છે.

ઝાલોદ વિસ્તારનાં કાર્તિકભાઈ રમેશભાઈ ચામઠા, પુના જિલ્લાનાં મનાવત અને વ્યાસ, કડવા મનાવતની પોલીસે અટકાયત કરેલ છે અન્ય આરોપીઓ સુબ્રમણ્યમ મનાવત, અવિનાશ ચામઠા, રાજપાલ ચામઠા, ભગીરથી ચામઠા અને વિશ્વનાથ શર્મા નાનાવતીને ઝડપવાનાં બાકી છે.

ચોરી કરનાર ગેંગના સભ્યો ભેગા મળી પોતાના રહેઠાણથી ગુગલ મેપ દ્વારા ૫૦૦ કિ.મી.થી વધારે દુરના અન્ય જિલ્લા, રાજયોનાં અંતરીયાળ ગામડાઓમાંથી કોઈ ગામ વિસ્તાર નકકી કરવામાં આવતો ત્યારબાદ નકકી કરાયેલ ગામમાં રેકી કરવામાં આવતી અને બંધ મકાનને ટારગેટ કરવામાં આવતુ ત્યારબાદ આ ગેંગના થોડા માણસો પોતાના બાઈક લઈને રાત્રી દરમ્યાન ચોરી કરવા નકકી કરાયેલ ગામોમાં આવતા અને બાકીના માણસો ફોરવ્હીલ કાર સાથે ૧૦૦ કિ.મી. દુર રહી આ ચોરી કરનાર ગેંગની રાહ જોવામાં આવતી ત્યારબાદ ચોરી કરી આ બાઈક લઈને નિકળેલ ઈસમો નકકી કરાયેલ જગ્યાએ મળી બાઈક તથા ફોરવ્હીલના ચોર ઈસમો પોલીસથી બચવા માટે અરસ પરસ ચેન્જ થઈ બાઈકના ઈસમો ફોરવ્હીલમાં તથા ફોરવ્હીલના ઈસમો બાઈક લઈને તથા હેલ્મેટ પહેરીને પોતાની ઓળખ છુપાવી પોતાના મુળ સ્થાને પહોંચી જતા હતા.

આ કામગીરી પોલીસ અધિક્ષક સંજય ખરાતનાં માર્ગદર્શન એલસીબી પીઆઈ સી.પી. વાઘેલા, બાબરા પી.આઈ. આર.આર. પરમાર, એલસીબી પીએસઆઈ જે.ડી. વાઘેલા અને એલસીબી અને બાબરા પોલીસની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

### 3 મિત્રો દિવથી મોડી રાત્રિએ પરત ફરી રહ્યા હતા

# ધારીનાં ધારગણી ગામ નજીક કાર પલ્ટી જતાં ૧ વ્યકિતનુ મોત નિપજયુ

### રાજકોટ ખાતે રહેતા જયદિપભાઈ રાવતનુ મોત થયુ

અમરેલી, તા. ૨૫

ઉપલેટા ગામે રહેતા હાર્દીકભાઈ શાંતીલાલ કપુપરા તથા રાજકોટ ગામે રહેતા પ્રકાશભાઈ મોહનભાઈ કંટારીયા તથા જયદીપભાઈ પ્રહલાદભાઈ રાવત જે ત્રણેય મિત્રો હોય ગત તા. ૨૩ના રાત્રીના આશરે દોઢેક વાગ્યે ત્રણેય મિત્રો દીવ ફરવા માટે ગયેલ હતા અને બાદમાં ગત તા. ૨૪ના રોજ બપોરના આશરે બે વાગ્યે દીવથી પરત ઘરે રાજકોટ જવા રવાના થયેલ હતા. આશરે સાડા ચારેક વાગ્યાના અરસામા ધારી તાલુકાના મોટી ધારગણી ગામથી આગળ વાવડી ગામ પાસે પહોચતા કાર ચાલક પ્રકાશભાઈ પોતાના હવાલા વાળી ફોરવ્હીલર પુરઝડપે ચલાવતા કાર ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા ફોરવ્હીલર જીજે–૦૩–એલઆર–૫૭૬૫ રોડની જમણી બાજુમા ફંગોળાઈ અને પલટી મારી જતા જયદીપભાઈ કમરના ભાગેથી ફોરવ્હીલર નીચે દબાયેલા હતા એવામા આસપાસ નીકળતા વાહનો ઉભા રહેલા અને આ ફોર વ્હીલર ગાડી ઉંચી કરી જયદીપભાઈને બહાર કાઢેલ હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સમાં જયદીપભાઈને ચલાલા સીવિલ હોસ્પિટલમાં લાવેલ જયાં ફરજ પરના તબીબે જયદીપભાઈને મરણ ગયેલ જાહેર કરેલ હતા.

### સમગ્ર વિસ્તારમાં અરેરાટી ઉભી કરતી ઘટના

# ગોપાલગ્રામનાં 30 વર્ષિય યુવકે અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી

### સારવાર દરમિયાન અંતિમશ્વાસ લીધા

અમરેલી, તા. ૨૫

ધારી તાલુકાના ગોપાલગ્રામ ગામે આંબરડી રોડ ઉપર આવેલ મંગળેશ્વરની બાજુમાં ગૌચરમાં રહેતા મુળજીભાઈ સોમાભાઈ વાઘેલા નામના ૩૦ વર્ષીય યુવકે કોઈ અગમ્ય કારણોસર ગત તા. ૨૪ના રોજ ૫ વાગ્યે ઉંદર મારવાની ઝેરી દવા પી જતા તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### ટ્રાફિકથી ધમધમતા માર્ગની પહોળાઈ વધારવી જરૂરી

# અમરેલીથી બાબરા સુધીનાં માર્ગને ફોરલેન બનાવવાની માંગ : ઉચ્ચકક્ષાએ રજુઆત કરાઈ

### માર્ગ–મકાન મંત્રી, સાસંદ અને ઉર્જામંત્રીને પત્ર પાઠવવામાં આવ્યો





અમરેલી, તા. ૨૫

અમરેલીથી બાબરા વચ્ચે આવેલ નેશનલ હાઈવેને ફોર લેન માર્ગ બનાવવામાં આવે તેવી જોરદાર માંગ અમરેલી ચિતલ અને બાબરા પંથકમાંથી ઉઠવા પામેલ છે. ત્યારે અમરેલીના સામાજિક આગેવાન પ્રા. જે.એમ. તળાવિયાએ રાજયના માર્ગ અને મકાન મંત્રી ૠષિકેશભાઈ પટેલને એક પત્ર પાઠવી અમરેલી–બાબરા માર્ગને તાત્કાલિક ધોરણે ફોર લેન બનાવવાની રજૂઆત કરી છે.

રજૂઆતમાં જણાવ્યું છે કે, અમરેલીથી ચિતલ, બાબરા, આટકોટ, રાજકોટ, ધ્રોલ, જોડિયા, જામનગર, ખંભાળિયા, દ્વારકા, ઓખા, ટંકારા, મોરબી, ભચાઉ, ગાંધીધામ, અંજાર, ભુજ, માંડવી, નારાયણ સરોવર, નવલખી, માતાના મઢ, જસદણ, ચોટીલા, લીંબડી, સુરેન્દ્રનગર, મૂળી અને ધ્રાંગધ્રા જેવા મહત્વના જિલ્લા તથા તાલુકા મથકો તરફ જવા માટે મોટી સંખ્યામાં વાહન વ્યવહાર અમરેલી–બાબરા માર્ગ પરથી પસાર થાય છે.

ત્યારે અમરેલીથી બાબરા વચ્ચેનું અંદાજે ૩૦થી ૩૨ કિલોમીટરનું અંતર હાલમાં ડબલ પટ્ટી માર્ગ હોવાથી વાહન ચાલકો માટે આ માર્ગ ઉપરથી પસાર થવું ખુબ જ મુશ્કેલીરૂપ બન્યું હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. આ માર્ગ ઉપર ભારે ટ્રાફિકના કારણે આ માર્ગ પર સતત અકસ્માતનો ભય રહે છે. અને ઓવરટેકિંગ દરમિયાન અકસ્માતની શક્યતા વધી રહી હોવાનું પણ ઉલ્લેખાયું છે. હાલમાં અમરેલીથી બાબરા વચ્ચેનું અંદાજે ૩૦થી ૩૨ કિલો મીટરનું અંતર કાપવામાં અંદાજે ૩૫ થી ૪૫ મિનિટ જેટલો સમય લાગી રહ્યો છે.

તેઓએ વધુમાં જણાવ્યું છે કે અગાઉ આ માર્ગ સ્ટેટ હાઈવે નં. ૩૧ તરીકે ઓળખાતો હતો, પરંતુ વર્ષ ૨૦૧૮ બાદ રાજયના અનેક સ્ટેટ હાઈવેઝને નેશનલ હાઈવેમાં અપગ્રેડ કરવામાં આવતા આ માર્ગ હવે નેશનલ હાઈવે નં. ૩૫૧ તરીકે ઓળખાય છે.

મહુવાથી શરૂ થતો આ હાઈવે સાવરકુંડલા, અમરેલી, ચિતલ, બાબરા, આટકોટ અને ગોંડલ થઈને જેતપુર સુધી પહોંચે છે, જેના કારણે આ માર્ગનું વ્યૂહાત્મક મહત્વ પણ ઘણું વધી ગયું છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અમરેલીથી બાબરા વચ્ચેનો માર્ગ તાત્કાલિક ફોર લેન બનાવવામાં આવે તો ટ્રાફિક સમસ્યામાં રાહત મળશે, અકસ્માતોની સંભાવના ઘટશે અને સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓ વચ્ચેનું પરિવહન વધુ સુગમ બનશે તેવી લાગણી વ્યકત કરવામાં આવી છે.

# શ્રી ખોડલધામનાં માર્ગદર્શનતળે તૈયાર થયો ઈતિહાસને ઉજાગર કરતો શો

# રાજકોટ ખાતે 'અસરકારક પાટીદાર'નો 'બ્રોડવે' મેગા સ્ટેજ શો ભજવાશે

**૩ હજારથી વધુ માનવ કલાકોનાં રીસર્ચ પછી તૈયાર થયેલ ''બ્રોડવે'' શો જોવો એ અમૂલ્ય લ્હાવો**

**ગુજરાતનાં ૫૦થી વધુ તેજસ્વી કલાકારો પાટીદાર સમાજની વિરલ વિભુતીઓને સ્ટેજ પર જીવંત કરશે**

**૧૪મી સદીનાં અડાલજથી લઈ આધુનિક ભારત સુધીની સફર કરાવતો શો**

**ખોડલધામનાં પ્રમુખ નરેશ પટેલનાં માર્ગદર્શનતળે આગેવાનોએ ''લોગો'' પ્રસ્તુત કર્યો**



રાજકોટ, તા. ૨૫

માત્ર મનોરંજન જ નહીં, પણ આખેઆખી પાટીદાર સંસ્કૃતિને ઉજાગર કરતો એક નવો ઈતિહાસ રચાવા જઈ રહ્યો છે. પાટીદાર સમાજના ગૌરવશાળી ઈતિહાસ, બલિદાન અને સંસ્કાર વારસાને ઉજાગર કરતો ગુજરાતી ભાષાનો સૌપ્રથમ 'બ્રોડવે' મેગા સ્ટેજ શો ' અસરદાર પાટીદાર'નો પ્રિમિયર શો છઠ્ઠી જૂને રાજકોટ ખાતે ભજવાશે.

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલની પ્રેરણાથી તૈયાર થયેલો શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ આયોજિત આ શો માત્ર એક નાટક નહીં, પરંતુ એક ભવ્ય વિઝ્યુઅલ ટ્રીટ છે. જેમાં ગુજરાતના ૫૦થી વધુ તેજસ્વી કલાકારો પાટીદાર સમાજની વિરલ વિભૂતીઓને સ્ટેજ પર જીવંત કરશે.

એક પણ કાલ્પનિક વાતોનો આશરો લેવો ન પડે એ માટે છેલ્લા દોઢ વર્ષથી આ શો પર રીસર્ચ કામ ચાલતું હતું, જેમાં ૩૦૦૦થી વધુ માનવ કલાકો ખર્ચાઈ છે. આ સમગ્ર કાર્યક્રમનું સંકલન અને રિસર્ચ ટીમ તરીકે શ્રી ખોડલધામ શિક્ષણ પાંખના સભ્યોએ જહેમત ઉઠાવી છે. કાર્યક્રમની મુખ્ય સંકલન ટીમ કહે છે, 'એકેક તથ્યનો આધાર લઈને અમે આ શો ડિઝાઈન કર્યો, શો ડિઝાઈન કરતી વખતે અમારા મનમાં કલીઅર હતું કે પાટીદાર સમાજને જેન-ઝી સુધી પહોંચાડવો અને તેમને સમાજના એ શૌર્ય અને પરંપરાની વાતો કહેવી જે ઈતિહાસના પાનાઓમાં ધરબાઈ ગઈછે.'

ઐતિહાસિક તથ્યો અને અત્યાધુનિક એલઈડી ટેકનોલોજીના સમન્વય સાથે આ શો પ્રેક્ષકોને ૧૪મી સદીના અડાલજથી લઈ આજના આધુનિક ભારત સુધીની સફર કરાવશે તો સાથોસાથ ઓલ ઈન્ડિયા પરમિટ ધરાવતાં પાટીદારોના મૂળ અને કૂળ સુધી લઈ જવાનું કામ પણ કરશે અને પાટીદાર સમાજની નાનામાં નાની વાતો પણ સમાજ સમક્ષ મૂકશે.

## મુખ્ય વિશેષતાઓ

'અસરદાર પાટીદાર' શોમાં પાટીદાર સમાજના પાળીયા તરીકે પૂજાતા શૂરવીરો, દેશ અને સમાજમાં શિરોમણી સમાન રાજા-રજવાડાંઓ, સમગ્ર વિને અધ્યાત્મનો નવો રાહ ચીંધનારા સાધુ-સંતો, દેશના સ્વતંત્ર-સંગ્રામમાં જીવ રેડનારા લડવૈયા, આદર્શ નારીઓ, ક્રાંતિકારી પાટીદાર આગેવાનો અને સમસ્ત સમાજને એક છત નીચે જોનારા સ્વપ્નદ્રષ્ટા એવા પાટીદારોની વાત કહેવામાં આવી છે.

યુરોપ અને અમેરિકામાં થતાં બ્રોડવે શોનો સ્ટડી કર્યા પછી તૈયાર થયેલા 'અસરદાર પાટીદાર'ના ક્રીએટિવ ડિરેકટર જીતુ બાંધણિયા કહે છે, 'સામાજિક સંદેશ અને સરદારની ગર્જના વ્યકત કરતાં ' અસરદાર પાટીદાર' શોમાં માત્ર ઈતિહાસ જ નહીં, પણ વર્તમાન સમયના સામાજિક મુદ્દાઓ અને સંસ્કાર સિંચન જેવા મહત્વના મુદ્દાઓને પણ આવરી લેવામાં આવ્યા છે. લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલના વારસદારો એવા પાટીદાર દેશની આર્થિક જ નહીં, સામાજિક અને સાંસ્કૃતિક કરોડરજ્જુ પણ છે એ પણ આ શો દ્વારા પૂરવાર થાય છે. પાટીદારના ભવ્ય અને ભાતિગળ ઈતિહાસને લોકો સમક્ષ મૂકવા માટે રેસ-અગેઈન્સ્ટ-ધી ટાઈમની ફોર્મ્યુલા પર માત્ર દોઢ મહિનામાં આખો શો તૈયાર કર્યો.'

લેખક રશ્મિન શાહ દ્વારા લખાયેલા આ શોના ગીતો પણ રશ્મિન શાહે જ લખ્યા છે, ડિરેકશન રંગભૂમિના જાણીતા ડિરેકટર પરમેર સિરસીકર કર્યુ છે, તો સમગ્ર શોને એક તાંતણે બાંધીને રજૂ કરવાની જવાબદારી જાણીતા લોકકલાકાર તેજસ પટેલે નિભાવી છે.

'અસરદાર પાટીદાર'એ ગુજરાતી રંગભૂમિને આંતરરાષ્ટ્રીય સ્તરના બ્રોડવે શોની હરોળમાં મૂકવાનો એક નમ્ર પ્રયાસ છે. રાજકોટમાં યોજનારો પ્રિમિયર શો જોવો જ નહીં, એનું નિમંત્રણ મળવું એ પણ ગૌરવ ગણાશે એ નિશ્ચિત છે.

## શું કહે છે લોગો?

'અસરદાર પાટીદાર'ના લોગોના મૂખ્ય ભાગમાં ચક્ર છે, જે અંગૂલીનિર્દેશ કરે છે કે પાટીદારોએ બળદગાડાં થકી જીવનનો આરંભ કર્યો અને તેમના વિકાસનો રથ આજે પણ અવિરતપણે આગળ વધી રહ્યો છે.

આ ચક્ર એટલે કે પૈડાંની અલગ-અલગ ધરી પર પાટીદાર સમાજને રીપ્રેઝન્ટ કરતાં જૂદા-જૂદા સિમ્બોલ મૂકવામાં આવ્યા છે. જેમાં બિલકુલ મધ્યમાં પાટીદાર પહેરવેશમાં સમાવિષ્ટ પાઘડી અને સાથે શૌર્ય દર્શાવતી વાંકડિયાળી મુંછ છે. એક ધરી પર ખેડૂતોની જીવાદોરી સમાન હળ છે તો ધર્મના પ્રતિક સમાન ઓમકારને પણ એક ધરી પર સમાવવામાં આવ્યો છે. પાટીદારોએ બિઝનેસમાં પણ જબરજસ્ત કાઠું કાઢયું અને વિકાસ કર્યો છે, જેને પણ એક ધરી પર દર્શાવવામાં આવ્યું છે તો આજે પણ ગૌમાતાને લખલૂટ પ્રેમ કરતાં, આદર આપતાં પાટીદારોની ગાયમાતાને પણ એક ધરી પર દર્શાવવામાં આવી છે. જયારે એક ધરી પર બહાદુરીમાં પણ કયાંય પાછળ નહીં હટનારા પાટીદારોનું પ્રતિનિધિત્વ કરતી ઢાલ અને તલવાર પણ મૂકવામાં આવ્યા છે.

આજે જૂજ લોકો જાણે છે કે કાઠિયાવાડમાં પાટીદારોના પાળીયાઓ પણ છે. વીર પાટીદાર ભાઈઓએ ગૌધન અને સ્ત્રીધન માટે પોતાનો જીવ આપ્યો છે. જેના પાળીયા બન્યા એ વીર પાટીદારોની વાતો તો શોમાં છે પણ એ પાળીયાઓને પણ શોના સિમ્બોલમાં સમાવવામાં આવ્યા છે. કર્મનિષ્ઠ, ખંતિલા અને ગૌરવવંતા એવા પાટીદારના તમામ ગુણોને પણ લોગોમાં દર્શાવવામાં આવ્યા છે.

વધુ માહિતી માટે સંપર્ક કરો : પીઆર ટીમ-અસરદાર પાટીદાર રાજકોટ, ગુજરાત. (સંપર્ક : ૯૮૨૫૮ ૦૪૫૧૧, ૯૦૩૩૯ ૭૧૫૦૮, ૯૭૦૩૫ ૮૮૮૮૮)


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

સ્પે. વેકેશન બેચ
સ્પોકન ઈંગ્લિશ
સમય : સવારે ૮ થી ૧૦, બપોરે ૪ થી ૬
કોર્ષ ફી : RS.2500/-
ઓજસ કલાસીસ-અમરેલી
દિપક ભટ્ટ મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧






લોકલ ફોર વોકલ ॥ જય પરશુરામ ॥ સુવિધા સાથે વિવિધતા
50 MBPS ૧૨ મહિના ઈન્સ્ટોલેશન ફી ₹. 6500
WITH OTT 50 MBPS ૧૨ મહિના ઈન્સ્ટોલેશન ફી ₹. 7500
MTL INTERNET
ONU FREE TO USE
MAHAJAN TELNET LLP.
પહેલા માળે, વ્હાઈટ હાઉસ, બસ સ્ટેન્ડ સામે, અમરેલી.
95 86 96 16 01
















### CBI તપાસની હતી માંગ

# કોકરોચ જનતા પાર્ટી સામે તાત્કાલિક સુનાવણીનો સુપ્રીમ કોર્ટનો ઇનકાર

## એડવોકેટ રાજા ચૌધરી દ્વારા દાખલ કરવામાં આવેલી આ અરજીમાં માત્ર 'કોકરોચ જનતા પાર્ટી' આંદોલનનો જ વિરોધ નહોતો કરાયો

નવી દિલ્હી,તા.૨૫

સુપ્રીમ કોર્ટે 'કોકરોચ જનતા પાર્ટી' નામના સોશિયલ મીડિયા આંદોલન વિરુદ્ધ સીબીઆઈ (CBI) તપાસ કરવાની માંગ કરતી અરજી પર તાત્કાલિક સુનાવણી કરવાનો સ્પષ્ટ ઈકાર કરી દીધો છે. આ ઓનલાઈન મૂવમેન્ટ ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા (CJI) સૂર્યકાંતની કોર્ટમાં કરાયેલી એક ટિપ્પણી બાદ કટાક્ષ તરીકે શરૂ થઈ છે. સુનાવણી દરમિયાન જ્યારે અરજદારના વકીલે દલીલ કરી કે આ સોશિયલ મીડિયા અભિયાનના કારણે ન્યાયતંત્રની છબી ખરાબ થઈ રહી છે, ત્યારે CJI સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી.એમ. પંચોલીની બેન્ચે તેમને શાંત પાડતા બહુ મહત્ત્વની ટકોર કરી હતી કે, આ બાબતને આટલી બધી ભાવનાત્મક (સેન્ટિમેન્ટલ) રીતે લેવાની કોઈ જરૂર નથી.એડવોકેટ રાજા ચૌધરી દ્વારા દાખલ કરવામાં આવેલી આ અરજીમાં માત્ર 'કોકરોચ જનતા પાર્ટી' આંદોલનનો જ વિરોધ નહોતો કરાયો, પરંતુ તેની સાથે જોડાયેલા લોકો પાસે કાયદાની સાચી ડિગ્રી છે કે નહીં અને તેઓ નકલી વકીલાત તો નથી કરી રહ્યા ને, તે અંગે પણ CBI તપાસ કરવાની માંગણી કરવામાં આવી હતી. કોર્ટમાં અન્ય એક વકીલે પણ એવી રજૂઆત કરી હતી કે, કોર્ટની કાર્યવાહી દરમિયાન ન્યાયાધીશો દ્વારા સહજ રીતે બોલાયેલા શબ્દો કે ટિપ્પણીઓનો સોશિયલ મીડિયા પર કમાણી કરવા માટે (વ્યાપારી હેતુઓ માટે) ઉપયોગ ન થવો જોઈએ. જોકે, આ બધી દલીલો સાંભળ્યા પછી ચીફ જસ્ટિસે બહુ ટૂંકો અને સ્પષ્ટ જવાબ આપતા કહ્યું કે, આ મામલામાં હાલ કોઈ એટલી બધી ગંભીર ઉતાવળ નથી, આથી આ વિષયને અમે પછીથી જોઈશું.આ વિવાદની શરૂઆત ૧૫ મેના રોજ સુપ્રીમ કોર્ટની એક સુનાવણી દરમિયાન થઈ હતી. ચીફ જસ્ટિસ (CJI) સૂર્યકાંતની બેન્ચે ચિંતા વ્યક્ત કરી હતી કે કેટલાક યુવા વકીલો વકીલાત કરવાને બદલે સોશિયલ મીડિયા અને આરટીઆઈ (RTI) એક્ટિવિઝમ તરફ વળી રહ્યા છે. કોર્ટે ટિપ્પણી કરતા કહ્યું હતું કે, કેટલાક યુવાનો 'કોકરોચ'ની જેમ આ પ્રોફેશનમાં રોજગાર મેળવી શકતા નથી અને સોશિયલ મીડિયા કે RTI એક્ટિવિસ્ટ બનીને સમાજ પર બોજ બની રહ્યા છે.

જોકે, બાદમાં વિવાદ વધતાં ચીફ જસ્ટિસે સ્પષ્ટતા કરી હતી કે તેમનો ઈશારો સામાન્ય બેરોજગાર યુવાનો તરફ નહીં, પરંતુ નકલી ડિગ્રીઓ લઈને વકીલાતમાં ઘૂસી ગયેલા લોકો તરફ હતો. આમ છતાં, આ ટિપ્પણીની ઈન્ટરનેટ પર વ્યાપક ટીકા થઈ અને તેના વિરોધમાં સોશિયલ મીડિયા પર કટાક્ષ તરીકે 'કોકરોચ જનતા પાર્ટી'નો જન્મ થયો.

આ ડિજિટલ કલેક્ટિવની શરૂઆત અમેરિકાના બોસ્ટનમાં રહેતા અભિજીત દીપકે કરી હતી. આ ગ્રુપ રાજકીય કટાક્ષ (પોલિટિકલ સેટાયર) દ્વારા બેરોજગારી, સંસ્થાકીય જવાબદારી અને મીડિયાની આઝાદી જેવા ગંભીર મુદ્દાઓ ઉઠાવે છે. જોકે, જોતજોતામાં 'કોકરોચ જનતા પાર્ટી' ઈન્સ્ટાગ્રામ અને અન્ય પ્લેટફોર્મ્સ પર એક વિશાળ ઓનલાઈન કેમ્પેઈન બની ગઈ છે. એટલું જ નહીં, આ મૂવમેન્ટના નામે હવે પિટિશનો, મર્ચેન્ડાઈઝ (ટી-શર્ટ, કપ વગેરે) અને ઓનલાઈન ફંડિંગ જેવી પ્રવૃત્તિઓ પણ શરૂ થઈ ગઈ છે. અરજદાર રાજા ચૌધરીએ પોતાની અરજીમાં સ્પષ્ટતા કરી છે કે તેઓ ન્યાયતંત્રની ટીકા, લોકશાહી વિરોધ, સેટાયર કે બંધારણની કલમ ૧૯(૧)(a) હેઠળ મળતી વાણી સ્વાતંત્ર્યની આઝાદીની વિરુદ્ધ નથી. તેમનો વાંધો એ છે કે કોર્ટરૂમની અંદર સહજ રીતે બોલાયેલા 'કોકરોચ' શબ્દને સંદર્ભ વગર કાપીને (ક્લિપ કરીને), તેના મીમ્સ બનાવીને, તેનું વ્યાપારીકરણ કરવામાં આવી રહ્યું છે. અલ્ગોરિધમનો ઉપયોગ કરીને ડિજિટલ પ્લેટફોર્મ્સ પર આ વીડિયોઝ વાઈરલ કરીને કમાણી કરવામાં આવી રહી છે, જે આયોજિત વ્યાપારી શોષણ છે. જોકે, હાલ પૂરતો સુપ્રીમ કોર્ટે આ મામલે કોઈ તાત્કાલિક સુનાવણી કરવાનો ઈનકાર કરી દીધો છે.

### પેટ્રોલ પંપો પર કતાર પર કેન્દ્રનો દાવો

# ગુજરાત સહિત ૩ રાજ્યોમાં પેનિક બાઈંગ, સમીક્ષા કરે રાજ્ય સરકાર

## દેશમાં પેટ્રોલ-ડીઝલની કોઈ અછત નથી : પેટ્રોલિયમ મંત્રાલય

નવી દિલ્હી, તા.૨૫

દેશના કેટલાક ભાગોમાં પેટ્રોલ અને ડીઝલની સપ્લાય પ્રભાવિત થવાની અફવાઓને કારણે લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રની સાથે ગુજરાતના પણ કેટલાક જિલ્લાઓમાં આ સમસ્યા જોવા મળી છે, જ્યાં પેટ્રોલ પંપો પર વાહનચાલકોની લાંબી લાઈનો લાગી ગઈ છે. લોકો આગામી દિવસો માટે ઈંધણનો સંગ્રહ કરવાના હેતુથી ગેરેજ, ગેલોન, બોટલો અને મોટા કન્ટેનર લઈને પંપ પર પહોંચી રહ્યા છે. અફવાઓના કારણે અચાનક માંગ વધી જતાં કેટલાક પંપો પર ઈંધણ ખૂટી ગયું છે, જેના લીધે ટ્રાન્સપોર્ટ અને રોજિંદા કામકાજ પર અસર પડી છે. આ પરિસ્થિતિ વચ્ચે સરકાર વતી પેટ્રોલિયમ મંત્રાલયના સચિવ સુજાતા શર્માએ સત્તાવાર માહિતી શેર કરી છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે દેશમાં હાલમાં પેટ્રોલ કે ડીઝલની કોઈ અછત નથી, પરંતુ ગુજરાત સહિતના કેટલાક રાજ્યોમાં ગભરાહટના કારણે લોકો જરૂરિયાત કરતાં વધુ ખરીદી (પેનિક બાઈંગ) કરી રહ્યા છે.

મંત્રાલયના સચિવે આ સ્થિતિ પાછળના મુખ્ય કારણો દર્શાવતા જણાવ્યું છે કે, કેટલાક વિસ્તારોમાં ખેતીવાડીની માંગ વધારે છે, એટલે કે લોકો ખેતરના કામ માટે મોટા પ્રમાણમાં ડીઝલ ખરીદી રહ્યા છે. ઘણા લોકો ખૂબ મોટા જથ્થામાં ખરીદી કરી રહ્યા છે. કેટલાક પ્રાઈવેટ સપ્લાયર્સ હતા, તેમની ડિમાન્ડ પણ હવે પબ્લિક સેક્ટરની (સરકારી) તેલ કંપનીઓ અને પેટ્રોલ પંપો પર શિફ્ટ થઈ ગઈ છે.

સુજાતા શર્માએ જણાવ્યું કેસ આ સ્થિતિને પહોંચી વળવા માટે મંત્રાલય તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે સતત વાતચીત કરી રહ્યું છે અને એજન્સીઓ સાથે મળીને કમી પૂરી કરવાના પ્રયાસો ચાલુ છે. મંત્રાલય સ્તરેથી દરેક રીટેલ આઉટલેટ એટલે કે એક-એક પેટ્રોલ પંપ પર બારીકાઈથી નજર રાખવામાં આવી રહી છે. સપ્લાયની સ્થિતિ પર કડક નજર રખાઈ રહી છે જેથી જ્યાં પણ ઈંધણ ઓછું હોય ત્યાં તાત્કાલિક સ્ટોક ફરી ભરી શકાય અને લોકોને કોઈ તકલીફ ન પડે. તંત્ર દ્વારા લોકોને ગભરાઈને વધારાનું ઈંધણ ન ખરીદવા અપીલ કરવામાં આવી છે.

### દેશની ૬૬ હસ્તીઓ પદ્મ પુરસ્કારોથી સન્માનિત

# સ્વર્ગસ્થ પીઢ અભિનેતા ધર્મેન્દ્રને મરણોત્તર પદ્મ વિભૂષણથી સન્માનિત કરાયા

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા અભિનેત્રી અને ભાજપ સાંસદ હેમા માલિનીને આ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો

નવી દિલ્હી, તા.૨૫

ભારત સરકારે સ્વર્ગસ્થ પીઢ અભિનેતા ધર્મેન્દ્ર સિંહ દેઓલને મરણોત્તર પદ્મ વિભૂષણથી સન્માનિત કર્યા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા અભિનેતા અને ભાજપ સાંસદ હેમા માલિનીને આ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો.આજે દેઓલ પરિવાર માટે ભાવનાત્મક ક્ષણ હતી. ભારત સરકારે સ્વર્ગસ્થ પીઢ અભિનેતા ધર્મેન્દ્ર સિંહ દેઓલને મરણોત્તર પદ્મ વિભૂષણથી સન્માનિત કર્યા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા અભિનેત્રી અને ભાજપ સાંસદ હેમા માલિનીને આ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો. ધર્મેન્દ્રની પુત્રી, આહના દેઓલ, સમારંભ દરમિયાન સ્પષ્ટપણે ભાવુક થઈ ગઈ. એવોર્ડ પ્રાપ્ત કરતી વખતે હેમા માલિની પણ ભાવુક થઈ ગઈ. મહિલા ક્રિકેટ ટીમના કેપ્ટન હરમનપ્રીત કૌર ભુલ્લરને પણ પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ભગત સિંહ કોશ્યારીને જાહેર સેવામાં યોગદાન બદલ પદ્મ ભૂષણથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.અભિનેતા ધર્મેન્દ્રએ ૬ દાયકા સુધી બોલિવૂડમાં અભિનેતા તરીકે પોતાની છાપ છોડી. તેમણે તેમના કારકિર્દીમાં ઘણી નોંધપાત્ર ફિલ્મોમાં અભિનય કર્યો, જેમાં શોલે, ચરસ, મેરા ગાંવ મેરા દેશ અને અપનેનો સમાવેશ થાય છે. આ એવોર્ડ તેમને સિનેમાની દુનિયામાં તેમના યોગદાન બદલ માન આપવા માટે આપવામાં આવ્યો હતો. ધર્મેન્દ્રનું ૨૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ૮૯ વર્ષની વયે અવસાન થયું. તેમના નિધનથી ફિલ્મ ઉદ્યોગમાં એક યુગનો અંત આવ્યો.દેશના સૌથી પ્રતિષ્ઠિત પદ્મ પુરસ્કારો ૨૦૨૬ સમારોહ ૨૫ મેના રોજ રાજધાની નવી દિલ્હીમાં યોજાયો હતો. સિનેમા, સંગીત અને રમતગમત ક્ષેત્રની પ્રતિષ્ઠિત હસ્તીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત પ્રથમ નાગરિક સન્માન સમારોહ દરમિયાન પુરસ્કારોનું વિતરણ કર્યું હતું. ૨૫ જાન્યુઆરીના રોજ, સરકારે ૧૩૧ પદ્મ પુરસ્કારોની જાહેરાત કરી હતી. જેમાં પાંચ પદ્મ વિભૂષણ પુરસ્કારો, ૧૩ પદ્મ ભૂષણ પુરસ્કારો અને ૧૧૩ પદ્મશ્રી પુરસ્કારોનો સમાવેશ થાય છે. ૨૫ મેના રોજ, ૬૬ વ્યક્તિઓને પદ્મ પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ૨૦૨૬માં કુલ ૧૩૧ વ્યક્તિઓને સન્માનિત કરવામાં આવશે. બાકીના ૬૫ લોકોને આગામી તબક્કામાં સન્માનિત કરવામાં આવશે.આ કાર્યક્રમમાં પીએમ નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને અભિનેત્રી હેમા માલિની હાજર રહ્યા હતા. અભિનેતા ધર્મેન્દ્ર ઉપરાંત, સતીશ શાહ, આર. માધવન અને મલયાલમ સુપરસ્ટાર મામૂટીને પદ્મ પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. પ્લેબેક ગાયિકા અલકા યાજ્ઞિકને પણ પદ્મ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.પ્રથમ રાઉન્ડમાં સન્માનિત કરાયેલા કલાકારોઃ પીયુષ પાંડે (પદ્મ ભૂષણ), જગદીશ કુમાર (પદ્મશ્રી),અરવિંદ વૈદ્ય (પદ્મશ્રી), અભિનેતા પ્રોસેનજીત ચેટર્જી (પદ્મશ્રી),તબલાવાદક કુમાર બોઝ (પદ્મશ્રી), લોકગાયક ભરત સિંહ ભારતી (પદ્મશ્રી),વાયોલિનવાદક એન. રાજ (પદ્મ વિભૂષણ),તેચી ગુબાન (પદ્મશ્રી)
કૈલાશ ચંદ્ર પંત (પદ્મશ્રી), સત્યનારાયણ નુવાલ (પદ્મશ્રી),કે. પઝાનિવેલ હાજી રમકડુ

### વધતી કિંમત વચ્ચે CTI ની સરકાર પાસે મોટી માંગ

# ૧૦-૧૫ રુપિયા સસ્તું થઈ શકે છે પેટ્રોલ અને ડીઝલ

## ચેમ્બર ઓફ ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રી (CTI) એ આ સતત વધતી જતી ફુગાવામાંથી તાત્કાલિક રાહત મેળવવાની માંગ કરી

નવી દિલ્હી, તા.૨૫

પશ્ચિમ એશિયામાં તણાવ વચ્ચે આજે પેટ્રોલ અને ડીઝલના ભાવ ફરી વધ્યા છે.

દિલ્હીમાં પેટ્રોલનો ભાવ હવે પ્રતિ લિટર રૂ.૧૦૨.૧૨ અને ડીઝલનો ભાવ રૂ.૯૫.૨૦ પર પહોંચી ગયો છે. છેલ્લા ૧૦ દિવસમાં આ ચોથી વખત છે જ્યારે બંને ઈંધણના ભાવમાં તીવ્ર વધારો થયો છે, જેનાથી ગ્રાહકો અને વેપારીઓની મુશ્કેલીઓ વધી છે. ચેમ્બર ઓફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી (CTI) એ આ સતત વધતી જતી ફુગાવામાંથી તાત્કાલિક રાહત મેળવવાની માંગ કરી છે. CTI ચેરમેન બ્રિજેશ ગોયલે કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીને પત્ર લખીને તમામ રાજ્યના નાણામંત્રીઓની તાત્કાલિક બેઠક બોલાવવા વિનંતી કરી છે. ગોયલે આગામી ત્રણ મહિના માટે દેશભરમાં પેટ્રોલ અને ડીઝલ પર ફ્લેટ ૫% VAT લાદવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જેનાથી ગ્રાહકોને પ્રતિ લિટર રૂ.૧૦ થી રૂ.૧૫ ની રાહત મળશે.બ્રિજેશ ગોયલે તેમના પત્રમાં જણાવ્યું હતું કે, "પેટ્રોલ અને ડીઝલ પર એક્સાઈઝ ડ્યુટી કેન્દ્ર સરકારની જવાબદારી છે, પરંતુ વેટ રાજ્યનો વિષય છે. તેથી, આ કટોકટીના સમયમાં રાહત આપવી એ ફક્ત કેન્દ્ર સરકારની જવાબદારી નથી, રાજ્યોએ પણ આગળ આવવું જોઈએ. એકવીસ રાજ્યોમાં ભાજપ અથવા એનડીએ સરકારો છે, તેથી પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરી સરળતાથી બધા રાજ્યોને નિર્દેશો જારી કરી શકે છે." તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે જો આંતરરાષ્ટ્રીય બજારની સ્થિતિ ત્રણ મહિનામાં સામાન્ય થઈ જાય તો રાજ્યો તેમના વેટ દરોનું ફરીથી મૂલ્યાંકન કરી શકે છે.CTI એ વિવિધ રાજ્યો માટે ડેટા પણ શેર કર્યો

તેલંગાણા - પેટ્રોલ પર ૩૫.૨૦% વેટ
આંધ્રપ્રદેશ - ૩૧% વેટ + વધારાનો કર
દિલ્હી - ૧૯.૪૦% વેટ

બીજી બાજુ, આંદામાન અને નિકોબાર ટાપુઓમાં માત્ર ૧% વેટને કારણે પેટ્રોલ સસ્તું છે અને ડીઝલની પરિસ્થિતિ પણ આવી જ છે.

### ગુજરાત વિકાસ મોડેલનો દેશમાં અમલ કરાય છે

# દિલ્હી સરકારને રાષ્ટ્રીય પંચાયત પુરસ્કાર માટે ગુજરાતની એક પણ પંચાયત યોગ્ય ન લાગી

## પંચાયતી રાજ મંત્રાલયે દેશની ૪૨ ગ્રામ પંચાયતોને પુરસ્કાર માટે પસંદ કરી : યાદીમાં ગુજરાતનું નામ ગાયબ

ગાંધીનગર, તા.૨૫

કેન્દ્ર સરકારના પંચાયતી રાજ મંત્રાલયે દેશની ૪૨ ગ્રામ પંચાયતોને પુરસ્કાર માટે પસંદ કરી છે. આ યાદી ગુજરાતનું નામ જ ગાયબ છે. જે ગુજરાત વિકાસ મોડેલનો દેશમાં અમલ કરવામાં આવી રહ્યો છે તે જ રાજ્યની એક પણ પંચાયત કેન્દ્ર સરકારની નજરમાં સન્માનને લાયક ન ઠરી. આ ઘટનાએ સાબિત કરી દીધું છે કે, ગુજરાતમાં વિકાસ માત્ર વિજ્ઞાપનો અને ભાષણો પૂરતો જ સીમિત છે.

પંચાયતી રાજ મંત્રાલયે 'રાષ્ટ્રીય પંચાયત પુરસ્કાર- ૨૦૨૫' માટે દેશની કુલ ૪૨ ગ્રામ પંચાયતોની પસંદગી કરી છે. જે પૈકી ૩૪ પંચાયતને દીન દયાલ ઉપાધ્યાય પંચાયત વિકાસ પુરસ્કાર જ્યારે ૮ પંચાયતને નાનાજી દેશમુખ સર્વોત્તમ પંચાયત વિકાસ પુરસ્કાર મળશે. સ્વચ્છતા, પર્યાવરણ, સ્વાસ્થ્ય અને સુશાસનના આધારે ગ્રામ પંચાયતોની કામગીરીના મૂલ્યાંકન આધારે પંચાયતોને પુરસ્કાર આપવા નક્કી કરાયું છે. એટલું જ નહીં, પસંદ કરાયેલી ગ્રામ પંચાયતોને એવોર્ડની સાથે સાથે ૫ કરોડ રૂપિયા સુધીનું રોકડ ઈનામ પણ આપવામાં આવશે.
મહત્ત્વની વાત એ છે કે, સ્વાસ્થ્ય, મહિલા-બાળ કલ્યાણ અને સુશાસન જેવા પાયાના મુદ્દાઓ આધારે ગુજરાતની એકેય ગ્રામ પંચાયત પસંદ થઈ શકી નહીં. કુપોષણથી માંડીને ગ્રામીણ આરોગ્ય માળખું અન્ય પાસાઓને લઈને કેન્દ્ર સરકારે ગુજરાતને પુરસ્કારની યાદીમાં બહાર રાખવાનું યોગ્ય ઠેરવ્યું હતું. 'ડબલ એન્જિન' સરકારના ગુણગાન ગવાઈ રહ્યાં છે,પરંતુ દિલ્હીના એન્જિને ગાંધીનગરના એન્જિનને સાવ પાટા પરથી ઉતારી દીધું છે.

કાગળ પર 'સ્માર્ટ વિલેજ' બનાવતી રાજ્ય સરકાર જમીન પર શૌચાલય અને પીવાના પાણીથી માંડીને માળખાગત સુવિધા પણ સરખી આપી શકી નથી. આ કારણોસર જ સ્માર્ટ વિલેજ ધરાવતી એકેય ગ્રામ પંચાયત એવોર્ડ લાયક ઠરી નહીં. વિપક્ષનો આરોપ છે કે, સરકાર માત્ર મહોત્સવ-ઉત્સવની ઉજવણી અને સમિટોના તાયફા કરવામાં મસ્ત છે. જ્યારે ગામડાના ગરીબો, ખેડૂતો અને મહિલાઓના કલ્યાણના દાવા માત્ર સરકારી ચોપડા અને બજેટના આંકડાઓમાં જ ચમકે છે. આમ, કેન્દ્ર સરકારે જ વાઈબ્રન્ટ ગુજરાતને ગામડાઓની કડવી વાસ્તવિકતા ઉજાગર કરી અરીસો દેખાડ્યો છે.


''અમરેલી એક્સપ્રેસ''

અમારૂ ઇ-મેઇલ એડ્રેસ

''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ-મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.

''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.


### રાજ્ય સરકાર દ્વારા જાહેર પરિવહનનો ઉપયોગ કરવા અપીલ

# અમદાવાદમાં ૧૧% લોકો જ જાહેર પરિવહનનો ઉપયોગ કરે છે

## નોકરી-ધંધા કે અભ્યાસ માટે નીકળતા લોકોમાંથી ૮૦ ટકાથી વધુ દ્વારા પોતાના ખાનગી વાહનોનો જ ઉપયોગ

અમદાવાદ, તા.૨૫

ઈંધણની કટોકટી વચ્ચે કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર દ્વારા વારંવાર લોકોને જાહેર પરિવહનનો ઉપયોગ કરવાની અપીલ કરાઈ રહી છે. પરંતુ પેટ્રોલ-ડીઝલ બચાવવાની આ સલાહ લોકોએ જાણે એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાંખી હોય તેવી સ્થિતિ જોવા મળે છે. પીએમની અપીલના દસ દિવસ બાદ પણ અમદાવાદમાં એએમટીએસ બસ, બીઆરટીએસ અને મેટ્રો રેલ જેવા જાહેર પરિવહનોમાં મુસાફરોની સંખ્યા સમ ખાવા પૂરતી પણ વધી નથી.ભૂરાજકીય તણાવના લીધે ઈંધણની કટોકટી સર્જાતા સરકાર દ્વારા પેટ્રોલ-ડીઝલ બચાવવા લોકોને જાહેર પરિવહનનો ઉપયોગ કરવાની સલાહ અપાઈ રહી છે. પરંતુ સરકારની આ અપીલની અત્યાર સુધી કોઈ અસર જોવા મળતી નથી. મેટ્રો રેલમાં તો સમય વધારીને રાત્રિના ૧૧ વાગ્યા સુધી કરી દેવાયો છે.

પરંતુ એએમટીએસ અને મેટ્રો રેલના સૂત્રોના જણાવ્યાનુસાર, છેલ્લાં દસેક દિવસમાં સિટી બસ અને મેટ્રો રેલમાં મુસાફરોની સંખ્યામાં કોઈ વધારો થયો નથી. ઉલટાનું ગરમી અને રજાઓના લીધે બંનેમાં મુસાફરોની સંખ્યા હાલ ઘટી ગઈ છે. બીજી બાજુ બીઆરટીએસમાં દૈનિક ૧.૯૦ લાખ મુસાફરો સામે છેલ્લાં દસેક દિવસમાં રોજ એક હજાર મુસાફરો વધ્યા હોવાનો દાવો કરાયો છે. હાલ એએમટીએસ બસ, બીઆરટીએસ અને મેટ્રો રેલ ત્રણેયમાં દૈનિક કુલ ૮.૮૦ લાખ લોકો મુસાફરી કરે છે. આમ અમદાવાદની વસતી સામે માંડ ૧૧થી ૧૨ ટકા લોકો જાહેર પરિવહનમાં મુસાફરી કરે છે. તેમાં પણ મોટાભાગના લોકો ઈચ્છાથી નહીં પરંતુ મજબૂરીમાં સિટી બસમાં મુસાફરી કરે છે. કેબ કે ટેક્સીમાં પણ સુરક્ષાને ધ્યાને રાખી મોટા ભાગના લોકો રાઈડ શેરિંગ કરવાનું ટાળી રહ્યા છે. શહેરમાં ટુવ્હીલર તો ઠીક કાર લઈને એકલા નીકળતા લોકોની સંખ્યા પણ ઓછી થઈ નથી. નોકરી-ધંધા કે અભ્યાસ માટે નીકળતા કુલ લોકોમાંથી ૮૦ ટકા દ્વારા પોતાના ખાનગી વાહનોનો જ ઉપયોગ કરતા નજરે પડી રહ્યા છે.

### H-1B અને L-1 વિઝા ધારકો પર મોટી આફત

# અમેરિકાથી ૩૫ હજારથી વધુ ગુજરાતીઓએ ૧ વર્ષમાં સ્વદેશ પરત ફરવું પડશે, ટ્રમ્પ

## આ પરિસ્થિતિમાં વિવિધ અંદાજો અનુસાર ગુજરાતમાંથી આશરે ૩૫,૦૦૦ લોકો આગામી ૬થી ૧૨ મહિનામાં પાછા આવી શકે છે

નવી દિલ્હી,તા.૨૫

પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નવા આદેશ સાથે યુનાઈટેડ સ્ટેટ્સની ઈમિગ્રેશન પોલિસીમાં આવેલા ગ્રીનકાર્ડ ધારકોના પરત આવવાના મોટા ફેરફારને કારણે ગુજરાતમાં એક મોટી ચર્ચા ચાલી રહી છે. અમેરિકાની USCISના ૨૨ મે ૨૦૨૬ના નવા મેમો અનુસાર, ગ્રીન કાર્ડ મેળવવા માટે ઘણા લોકોએ અમેરિકા છોડીને પોતાના દેશમાં પાછા આવીને અરજી કરવી પડશે. આ પરિસ્થિતિમાં વિવિધ અંદાજો અનુસાર ગુજરાતમાંથી આશરે ૩૫,૦૦૦ લોકો આગામી ૬થી ૧૨ મહિનામાં પાછા આવી શકે છે.આ ૩૫ હજારનો આંકડો મુખ્યત્વે H-1B, L-1, અને અન્ય વર્ક વિઝા પર અમેરિકામાં કામ કરતા ગુજરાતી પ્રોફેશનલ્સને વધુ લાગુ પડી રહ્યો છે. અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા અને રાજકોટ જેવા શહેરોમાંથી આ લોકોની સંખ્યા વધુ છે. અસંખ્ય ગુજરાતીઓને નોકરીની અનિશ્ચિતતાને કારણે પાછા આવવું પડી રહ્યું છે. અમદાવાદ સ્થિત વિઝા એજન્ટોના મતે આ લોકો માટે સ્થિતિ એ રીતે કપરી છે કે ગ્રીન કાર્ડ માટે અરજી કરનારા લોકો ઘણાં લાંબા સમયથી અમેરિકા રહે છે અને હવે તેમને પરત આવવાથી તેમનું ફરી અહીં સેટ થઈને અરજી કરવી વધુ કપરી સાબિત થશે. ગ્રીન કાર્ડની અરજીની પ્રક્રિયા કોઈ સામાન્ય પ્રક્રિયા નથી પરંતુ લાંબી પ્રક્રિયા છે. આ બહાને એક રીતે ટ્રમ્પે આડકતરી રીતે ફરી એકવાર ભારતીયોને પાછા મોકલવાની પ્રક્રિયા હાથ ધરી છે.

સૌથી વધુ જોવા મળતા કેસ H-1B વિઝા ધારકોના છે. ટેક્નોલોજી, આઈટી, એન્જિનિયરિંગ અને હેલ્થકેર ક્ષેત્રે કામ કરતા ગુજરાતી પ્રોફેશનલ્સ EB-૨ અને EB-૩ કેટેગરીમાં ગ્રીન કાર્ડ માટે અરજી કરી રહ્યા છે. આ લોકોમાં ઘણા અમદાવાદ, સુરત અને વડોદરાના છે. તેઓ પરિવાર સાથે લાંબા સમયથી અમેરિકામાં રહેતા હતા અને હવે ગ્રીન કાર્ડ મેળવવા માટે પાછા આવી રહ્યા છે. L-1 વિઝા પર મલ્ટિનેશનલ કંપનીઓમાં કામ કરતા મેનેજર્સ અને એક્ઝિક્યુટિવ્સના કેસ પણ વધુ જોવા મળે છે. આ લોકો ઈમ્-૧ઝ કેટેગરીમાં અરજી કરે છે. ડાયમંડ, ટેક્સટાઈલ અને ફાર્મા બિઝનેસ સાથે જોડાયેલા ગુજરાતી વ્યવસાયિકોમાં આ પ્રકારના કેસ વધુ છે.

# ફાંસીની સજા બાદ પેરોલ જમ્પ કરી ફરાર હત્યારો ૧૩ વર્ષે પકડાયો

અમદાવાદ, તા.૨૫

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે એક દાયકા કરતાં વધુ સમયથી કાયદાને થાપ આપીને નાસતા ફરતા ફાંસીની સજા પામેલા આરોપીને શોધી કાઢીને ઝડપી લીધો છે. વર્ષ ૨૦૧૩માં પેરોલ જમ્પ કરીને ભૂગર્ભમાં ઉતરી ગયેલા આરોપી સતીષ રૂપારેલિયા (ઉર્ફે સંજય ઠક્કર)ને અમદાવાદની એક હોટેલમાં વર્ષ ૧૯૯૪માં થયેલી હત્યા તેમજ લૂંટના કેસમાં કોર્ટે ફાંસીની સજા ફટકારી હતી.આ કેસની વિગત એવી છે કે ૨૨ ઓક્ટોબર, ૧૯૯૪ના રોજ એક કાપડના વેપારીને ડિસ્કાઉન્ટ ભાવે કાપડના બહાને હોટેલમાં બોલાવવામાં આવ્યા હતો. જ્યાં આરોપીએ વેપારી પાસેથી રોકડ અને સોનાના દાગીના લૂંટી લીધા હતા. લૂંટ કર્યા બાદ ગુનાની ઓળખ છુપાવવા માટે આરોપીએ વેપારીનું માથું ધડથી અલગ કરી દીધું હતું.આ મર્ડર મિસ્ટ્રીનો પર્દાફાશ થયા બાદ સેશન્સ કેસ નંબર ૫૬/૧૯૯૫માં મુખ્ય આરોપી તરીકે સતીષ રૂપારેલિયા (ઉર્ફે સંજય ઠક્કર) સામે કેસ ચાલ્યો હતો. એપ્રિલ ૨૦૦૦માં અમદાવાદની એડિશનલ સિટી સેશન્સ કોર્ટે ભારતીય દંડ સંહિતા (I.P.C.) અને બોમ્બે પોલીસ એક્ટ હેઠળ હત્યા, લૂંટ અને ગુનાઈત કાવતરાના આ કેસમાં તેને કસૂરવાર ઠેરવીને ફાંસીની સજા સંભળાવી હતી.જેલવાસ દરમિયાન આરોપી સતીષ રૂપારેલિયાને વર્ષ ૨૦૧૩માં પેરોલ પર કામચલાઉ મુક્તિ આપવામાં આવી હતી. જોકે, પેરોલની મુદત પૂરી થવા છતાં તેણે જેલ સત્તાવાળાઓ સમક્ષ આત્મસમર્પણ ન કર્યું અને તે ફરાર થઈ ગયો હતો. છેલ્લા ૧૩ વર્ષ દરમિયાન તેણે પોલીસથી બચવા માટે સતત પોતાના રહેઠાણો બદલ્યા હતા અને સામાન્ય નાગરિકોમાં ભળી જવા માટે બહુવિધ નકલી ઓળખ ધારણ કરી હતી.બાતમી, વ્યૂહાત્મક દેખરેખ અને સખત ગ્રાઉન્ડવર્કનો ઉપયોગ કરીને, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ખાસ ટ્રેકિંગ ટીમે આખરે આ ફરાર આરોપીને ટ્રેસ કરી લીધો હતો. ક્રાઈમ બ્રાન્ચે એક ચોક્કસ ઓપરેશન હાથ ધરીને તેના છુપાવાના સ્થળને ઘેરી લીધુંહતુંઅને કોઈપણ અનિચ્છનીય ઘટના વિના તેને દબોચી લીધો હતો.ઝડપાયેલા આરોપી સામે તમામ કાનૂની પ્રક્રિયાઓ પૂર્ણ કરવામાં આવી છે અને અદાલત દ્વારા નિર્ધારિત તેની મૂળ સજા (ફાંસી)ના અમલીકરણ માટે તેને ફરીથી ન્યાયિક કસ્ટડી હેઠળ જેલ હવાલે મોકલવામાં આવી રહ્યો છે.

### હચમચાવી મૂકતો વીડિયો વાઈરલ

# સુરતની તિરૂપતિ માર્કેટમાં માસૂમ બાળક પર તૂટી પડ્યું શ્વાનોનું ટોળું

## બાળકની ચીસો અને શ્વાનોના ભસવાના અવાજ સાંભળી આસપાસના વેપારીઓ અને સ્થાનિક લોકો દોડી આવ્યા

સુરત, તા.૨૫

સુરત શહેરમાં રખડતા શ્વાનોનો આતંક દિવસેને દિવસે વધતો જાય છે. રિંગ રોડ વિસ્તારમાં આવેલી તિરૂપતિ માર્કેટના પાર્કિંગમાં એક માસૂમ બાળક પર રખડતા શ્વાનોના ટોળાએ જીવલેણ હુમલો કર્યો હોવાની હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ઘટનાના સીસીટીવી ફૂટેજ સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે અને મનપા તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઊભા થયા છે.

૨૪ મેના રોજ બનેલી આ ઘટનામાં બાળક માર્કેટના પાર્કિંગ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યું હતું ત્યારે અચાનક ત્રણ જેટલા રખડતા શ્વાનોએ તેના પર હુમલો કર્યો હતો. સીસીટીવી ફૂટેજ મુજબ, શ્વાનોએ બાળકને જમીન પર પાડી દીધું હતું અને સતત બચકાં ભરતાં તેને લગભગ ૧૦ ફૂટ સુધી રસ્તા પર ઢસડી ગયા હતા.

આ દરમિયાન બાળક બચવા માટે બૂમાબૂમ અને તરફડાટ કરતું રહ્યું, પરંતુ શ્વાનો લગભગ ૪૦ સેકન્ડ સુધી તેના પર હુમલો કરતા રહ્યા. ઘટનાના દૃશ્યો એટલા ભયાનક છે કે ફૂટેજ જોનાર કોઈપણ વ્યક્તિ ધ્રુજી ઊઠે. બાળકની ચીસો અને શ્વાનોના ભસવાના અવાજ સાંભળી આસપાસના વેપારીઓ અને સ્થાનિક લોકો તરત જ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. લોકોએ લાકડીઓ અને પથ્થરો વડે શ્વાનોને ભગાડ્યા બાદ બાળકને તેમના મોંમાંથી છોડાવ્યું હતું.

હુમલામાં બાળકને ગંભીર ઈજાઓ પહોંચી હોવાથી તેને તાત્કાલિક નજીકની હૉસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યું હતું. હાલ બાળકની સારવાર ચાલી રહી હોવાનું જાણવા મળ્યું છે.
અસલમ સાયકલવાલાએ ઘટનાને લઈને મનપા તંત્ર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે સુરતમાં રોજબરોજ શ્વાન કરડવાના બનાવોમાં વધારો થઈ રહ્યો છે, છતાં યોગ્ય પગલાં લેવામાં આવી રહ્યા નથી. તેમણે કહ્યું કે, "એક સમયનું સ્વચ્છ સુરત હવે શ્વાન કરડવાના બનાવોમાં પણ નંબર વન બની શકે તેવી સ્થિતિ સર્જાઈ છે. મનપા તંત્રે જે ગંભીરતાથી કામગીરી કરવી જોઈએ તે જોવા મળતી નથી."

તેમણે વધુમાં આક્ષેપ કર્યો હતો કે રખડતા શ્વાનો અંગે કરવામાં આવતી ઓનલાઈન ફરિયાદોનું પણ સમયસર નિરાકરણ આવતું નથી. "૨૪ કે ૪૮ કલાક તો દૂર, ઘણી ફરિયાદો પાંચ દિવસ સુધી પેન્ડિંગ રહે છે. આ તંત્રની નિષ્ફળતા દર્શાવે છે," એમ તેમણે જણાવ્યું.
અસલમ સાયકલવાલાએ મનપા તંત્રને રખડતા શ્વાનોના મુદ્દે ગંભીરતાથી કાર્યવાહી કરવાની માંગ કરી હતી. તેમણે જણાવ્યું કે તાજેતરમાં ભારતનું સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલી માર્ગદર્શિકા મુજબ રખડતા શ્વાનો અંગે યોગ્ય અને અસરકારક કામગીરી થવી જોઈએ.

### રખડુ શ્વાન આડે આવતા બનાવ બન્યો

# ઉનાનાં સોનારી ગામ નજીક મુસાફરો ભરેલ છકડો રિક્ષા પલટતા 3 ઈજાગ્રસ્ત

### પુરપાટ ઝડપ પણ અકસ્માત નોતરે છે

ઉના, તા. ૨૫

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં કેસરિયાથી સોનારી તરફ જતાં માર્ગ પર આજે વધુ એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાતા સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. સોનારી ગામ નજીક મુસાફરો ભરેલી છકડો રિક્ષા અચાનક પલટી મારી જતાં ત્રણ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત બન્યા હતા. અકસ્માત બાદ સ્થળ પર ચીસોચીસ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.



તસ્વીર : ધર્મેશ જેઠવા-ઉના.

પ્રાપ્ત માહિતી મુજબ કેસરિયા ગામથી સોનારી તરફ જઈ રહેલી છકડો રિક્ષા રસ્તા પરથી પસાર થઈ રહી હતી ત્યારે અચાનક એક ાન રિક્ષા વચ્ચે આડે આવ્યું હતું. ાનને બચાવવાના પ્રયાસમાં રિક્ષા ચાલક રમેશભાઈએ સ્ટેરીંગ ફેરવતા વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો. જેના કારણે છકડો રિક્ષા અનિયંત્રિત બની રોડ પરથી પલટી મારી ગઈ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે રિક્ષામાં સવાર મુસાફરો ફંગોળાઈ ગયા હતા.

અકસ્માતના પગલે આસપાસના લોકો તરત જ મદદ માટે દોડી આવ્યા હતા અને બચાવ કામગીરી હાથ ધરી હતી. આ અકસ્માતમાં રાણીબેન તેમજ ચાલક રમેશભાઈ સહિત ત્રણ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હોવાનું સામે આવ્યું છે. ઈજાગ્રસ્તોને માથા, હાથ તથા શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજા થતા સ્થાનિક લોકોએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી.ઘટનાની જાણ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ સ્થળ પર પહોંચી હતી અને ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર આપ્યા બાદ ઉના સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જેમાંથી ગંભીર હાલતના ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે રિફર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ ી રહ્યું છે. અકસ્માતને કારણે થોડા સમય માટે માર્ગ પર ટ્રાફિક જામ જેવી સ્થિતિ પણ સર્જાઈ હતી. ઘટનાની જાણ થતાં પોલીસનો કાફલો પણ સ્થળ પર પહોંચી ગયો હતો અને અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે કેસરિયાથી તડ તરફ જતો માર્ગ અકસ્માત ઝોન તરીકે ઓળખાવા લાગ્યો છે. આ માર્ગ પર અવારનવાર નાના-મોટા અકસ્માતો સર્જાતા રહે છે. અગાઉ પણ અનેક ગંભીર અકસ્માતોમાં ઘણા લોકો જીવ ગુમાવી ચૂક્યા છે.સ્થાનિકોમાં ચર્ચા છે કે કેટલાક છકડો રિક્ષા ચાલકો બેફામ ગતિએ વાહન હંકારી માનવ જીવનને જોખમમાં મૂકી રહ્યા છે. સવારે અને સાંજના સમયે ક્ષમતા કરતાં વધુ મુસાફરો ભરી રિક્ષા દોડાવવામાં આવતી હોવાની ફરિયાદો ઉઠી રહી છે. સાથે કેટલાક ચાલકો સાયલેન્સર નીચા રાખી તથા ઉંચા અવાજમાં ગીતો વગાડી ઘોંઘાટ કરતા હોવાની પણ લોકોમાં નારાજગી જોવા મળી રહી છે. સ્થાનિકોએ પોલીસ અને આરટીઓ વિભાગ સમક્ષ આવા બેફામ વાહનચાલકો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

### વોર્ડનાં નગરસેવક પાલિકાનાં ઉપપ્રમુખપદે બિરાજમાન હોવા છતાં

# લ્યો બોલો : બાબરા પાલિકાનાં વોર્ડ નં. ૧માં ખાનગી શાળા દ્વારા બિનઅધિકૃત રીતે બાલ ક્રીડાગણ ઉભુ કરી દેવાયુ

### સ્થાનિક વિસ્તારમાં પ્રાથમિક સમસ્યાથી પણ શહેરીજનો પરેશાન




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૨૫

બાબરા શહેરના વોર્ડ નંબર-૧ વિસ્તારમાં આવેલી ખાનગી શાળા દ્વારા બિનઅધિકૃત રીતે બાળ ક્રીડાગણ ઉભું કરાતા સ્થાનિક રહીશોમાં રોષની લાગણી ફેલાઈ છે. સમગ્ર મામલે વોર્ડના રહીશ ભાવેશભાઈ આહીર દ્વારા તાલુકા શિક્ષણ અધિકારી તથા બાબરા નગરપાલિકાના ચીફ ઓફિસરને લેખિત રજુઆત કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ બાબરા નગરપાલિકાના ઉપ પ્રમુખ તથા વોર્ડ નંબર-૧ના સભ્ય યગ્નેશ શુક્લ ઉપ પ્રમુખ પદે આવ્યા બાદ હજુ સુધી પોતાના વોર્ડની અનેક પ્રાથમિક સમસ્યાઓના નિવારણ માટે સક્રિય થયા નથી તેવા આક્ષેપો સ્થાનિકોમાંથી ઉઠી રહ્યા છે. રસ્તા, સફાઈ અને જાહેર સુવિધાઓ જેવી સમસ્યાઓ યથાવત હોવા છતાં હવે વોર્ડમાં આવેલી એક ખાનગી શાળા દ્વારા બિનઅધિકૃત રીતે બાળ બગીચો ઉભો કરવામાં આવતા લોકોમાં ભારે ચર્ચા જાગી છે.

સ્થાનિક રહીશ ભાવેશભાઈ આહીરે જણાવ્યું હતું કે વોર્ડ વિસ્તારમાં આવેલી જ્ઞાનજયોત પ્લે હાઉસ શાળા દ્વારા વિદ્યાર્થીઓને આકર્ષવા માટે ખાનગી પ્લોટમાં લસર પટ્ટી, હીંચકા સહિતના વિવિધ રમકડાં સાધનો મૂકી આધુનિક બાળ બગીચાનું સ્વરૂપ આપવામાં આવ્યું છે. જોકે આ બગીચા માટે કોઈપણ પ્રકારની સત્તાવાર મંજૂરી લેવામાં આવી નથી તેમજ બાળકો રમતા હોય ત્યારે શાળ ાના જવાબદાર વ્યકિતઓ પણ હાજર રહેતા નથી.તાજેતરમાં આ બગીચામાં રમતા એક બાળકને ગંભીર ઈજા પહોંચી હતી અને તેને રાજકોટ સારવાર માટે ખસેડવાની ફરજ પડી હતી. આ ઘટનાને પગલે વાલીઓ અને સ્થાનિકોમાં ચિંતાની લાગણી ફેલાઈ છે.

તાલુકા શિક્ષણ અધિકારી સોનિયાબેન કોટડીયાએ જણાવ્યું હતું કે રજુઆત મળ્યા બાદ સમગ્ર મામલે યોગ્ય તપાસ કરી નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે જ્ઞાનજયોત શાળ ા પ્લે હાઉસ તરીકે કાર્યરત હોવાથી આવા બગીચા માટે મંજૂરી મળવી શક્ય નથી. સ્થાનિક રહીશોએ માંગણી કરી છે કે પાલિકા ઉપપ્રમુખ જાત નિરીક્ષણ કરી બિનઅધિકૃત બગીચો તાત્કાલિક દૂર કરાવે તેમજ બાળકોની સુરક્ષા માટે તંત્ર કડક કાર્યવાહી કરે. સમગ્ર મામલે હવે નગરપાલિકા અને શિક્ષણ વિભાગ શું કાર્યવાહી કરે છે તેના પર લોકોની નજર ટકેલી છે.

### ચૂંટણીમાં ભાજપની સત્તાનું પુનરાવર્તન

# કુંકાવાવ તાલુકા પંચાયતનાં પ્રમુખપદે સોનલબેન પાનસુરીયા અને વિપુલભાઈ પાંચાણીને જવાબદારી

### ભાજપનાં કાર્યકરો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા

અમરેલી, તા. ૨૫

કુંકાવાવ તાલુકા પંચાયતના નવા પ્રમુખ તરીકે સરપંચ સોનલબેન યોગેશભાઈ પાનસુરીયા તથા દેવગામના વિપુલભાઈ પાંચાણી ઉપપ્રમુખ તરીકે બીન હરીફ જાહેર થયા હતા. જયારે કારોબારી ચેરમેન તરીકે વડીયાના તુસારભાઈ ગણાત્રા તથા પક્ષના નેતા તરીકે નીરાલીબેન મયુરભાઈ મકવાણા તથા દંડક તરીકે શિલ્પાબેન રાદડીયાની નિમણુંક તાલુકા પંચાયતની નવી ટીમ જાહેર કરવામાં આવી હતી. આ પ્રસંગે તાલુકા ભાજપના હોદ્દેદારે તેમજ પૂર્વ સદસ્ય તથા ગામડાના સરપંચો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને નવી ટીમને



શુભેચ્છા પાઠવી હતી. આમ આજે તાલુકા પંચાયતની નવી બીડીમાં કુંકાવાવ તાલુકાની ત્રપ જિલ્લા પંચાયતની સીટમાં ત્રણેય સીટના એક એક આગેવાનનો સમાવેશ હોદેદ્દાર તરીકે કરીને સંતુલન જાળવવું હતું. જેમાં કુંકાવાવ સીટમાંથી પ્રમુખ દેવગામ સીટમાંથી ઉપપ્રમુખ વડીયા સીટમાંથી કારોબારી ચેરમેનની નિમણુંક જિલ્લા ભાજપ દ્વારા કરવામાં આવી છે.

### પીસીપી.એન.ડી.ટી.એકટ - ૧૯૯૪ અન્વયે

# અમરેલી ખાતે જિલ્લા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ



અમરેલી, તા.૨૫

પીસી - પી.એન.ડી.ટી એકટ - ૧૯૯૪ અન્વયે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની કચેરીના અધ્યક્ષ સ્થાને જિલ્લા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ હતી. અમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય શાખા ખાતે યોજાયેલી આ બેઠકમાં, બાકી હોય તેવી કાર્યવાહીની વિગતો મેળવી તે અંગે ઘટતું થાય અને તે માટે કામગીરી હાથ ધરવામાં આવે અને પી.એન.ડી.ટી એકટ - ૧૯૯૪ અંગેના અમલીકરણ બાબતે ચર્ચા કરવામાં આવી હતી. નવા રજિસ્ટ્રેશનને બહાલી આપવામાં આવી હતી.

મહત્વનું છે કે, પીસી - પી.એન.ડી.ટી એકટ - ૧૯૯૪ અંતર્ગત, સ્ત્રી ભૃણ ગર્ભ પરિક્ષણ અને તે સાથે આવા બિનઅધિકૃત કૃત્યો પણ પ્રતિબંધિત છે, જે અન્વયે કડક કાર્યવાહી કરવા સહિતની જોગવાઈ છે.

સમાજમાં દીકરીઓની સંખ્યા વધે તે માટે તાલુકા કક્ષાએ જનજાગૃત્તિના વધારવા માટે આયોજન હાથ ધરવા અને દરેક રજિસ્ટર્ડ કિલનિકનું વેરિફિકેશન કરવા સૂચના આપવામાં આવી છે.

પી.એન.ડી.ટી. એકટ અંતર્ગત હોસ્પિટલ, કિલનિક અને સંસ્થાઓએ સી.સી.ટી.વી. લગાવવા ફરજિયાત છે, જે બાબતે અમરેલી જિલ્લામાં જાહેરનામું અમલી કરવામાં આવ્યું છે.

બેઠકમાં ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (આઈ.એમ.એ.) અમરેલીના પ્રમુખ ડો.ગજેરા, પીસી-પી.એન.ડી.ટી એક્ટ-૧૯૯૪ અન્વયે અમરેલી જિલ્લા સલાહકાર સમિતિના સભ્યઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ગોકળ ગાયની ગતિએથી ચાલે છે કામગીરી

# બાબરા : ગોંડલ માર્ગ ઉપર ચમારડીનાં ઓવરબ્રિજની કામગીરી ઝડપથી પૂર્ણ કરો

### જાગૃત નાગરિક કુલદીપ જોષીએ નારાજગી વ્યકત કરી

બાબરા, તા.૨૫

બાબરા તાલુકાના ચમારડી ગામ પાસે બાબરા - ગોંડલ મુખ્ય માર્ગ ઉપર સ્થાનિક નદી પર બની રહેલા ઓવરબ્રિજના કામમાં છેલ્લા છ મહિનાથી ચાલી રહેલી ગોકળગતિ હવે લોકોમાં ભારે રોષનું કારણ બની રહી છે. તાલુકાના ધરાઈ ગામના જાગૃત નાગરિક કુલદીપ જોષીએ કામગીરી સામે સવાલો ઉઠાવી તંત્ર સમક્ષ ઉગ્ર રજૂઆત કરી તાત્કાલિક અસરથી કામ પૂર્ણ કરવાની માંગ ઉઠાવી છે.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

માહિતી મુજબ ચમારડી ગામ નજીક સ્થાનિક નદી પર ઓવરબ્રિજ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી, પરંતુ લાંબા સમય બાદ પણ સ્થળ પર કામની ગતિ અત્યંત ધીમી જોવા મળી રહી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ હજુ સુધી અંદાજે ૧૦ ટકા જેટલું પણ કામ પૂર્ણ થયું નથી. ચોમાસું હવે નજીક આવી રહ્યું હોવાથી બાબરા - ગોંડલ માર્ગ પરથી પસાર થતા નાના - મોટા વાહન ચાલકોમાં ચિંતાનો માહોલ સર્જાયો છે.

આ માર્ગ બાબરા અને ગોંડલ વચ્ચેનો મહત્વનો અને વ્યસ્ત માર્ગ ગણાય છે. દરરોજ મોટી સંખ્યામાં વાહનો, એસ.ટી. બસો, ખેડૂતોના ટ્રેકટરો તેમજ વેપારીઓના વાહનોની અવરજવર રહેતી હોય છે. જો ચોમાસા પહેલાં કામ પૂર્ણ નહીં થાય તો વરસાદી પાણીના પ્રવાહ દરમિયાન વાહન વ્યવહાર ખોરવાઈ જવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. જેના કારણે ગ્રામ્ય વિસ્તારના લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી શકે છે.

જાગૃત નાગરિક કુલદીપ જોષીએ તંત્રને સવાલ કર્યો હતો કે વિકાસના નામે કરોડો રૂપિયાના કામોની જાહેરાત તો કરવામાં આવે છે, પરંતુ જમીન ઉપર કામગીરીની ગતિ શા માટે દેખાતી નથી ? લોકોની સુરક્ષા અને સુવિધા સાથે સંકળાયેલા આવા મહત્વના કામોમાં બેદરકારી ચલાવી શકાય નહીં. તેમણે તાત્કાલિક પૂરતી મશીનરી, મજૂરો અને ટેકિનકલ સ્ટાફ મુકીને કામ યુદ્ધના ધોરણે પૂર્ણ કરવાની માંગ કરી છે.સ્થાનિકોમાં હવે ચર્ચા ચાલી રહી છે કે જો તંત્ર દ્વારા સમયસર પગલાં નહીં ભરાય તો ચોમાસામાં ફરી એકવાર લોકો મુશ્કેલીઓ વચ્ચે પસાર થવા મજબૂર બનશે. હાલમાં ગ્રામજનો અને વાહનચાલકોમાં એક જ માંગ ઉઠી રહી છે કે ચમારડી ઓવરબ્રિજનું કામ ઝડપથી પૂર્ણ કરો અને લોકોને આવનારી મુશ્કેલીઓમાંથી બચાવો.

### આગામી અઢી વર્ષનાં કાર્યકાળ માટે

# રાજુલા અને જાફરાબાદ તાલુકા પંચાયતમાં નવા હોદ્દેદારોની વરણી

### ભાજપનાં કાર્યકર્તાઓએ શુભકામના પાઠવી

અમરેલી, તા. ૨૫

સ્થાનિકસ્વરાજયનીચૂંટણી બાદઆગામીઅઢીવર્ષનાંકાર્યકાળમાટે રાજુલા અને જાફરાબાદ તાલુકા પંચાયતના નવા હોદેદારોની વરણી કરવામાંઆવીછે. ધારાસભ્યહીરાભાઈ સોલંકી, જીગ્નેશભાઈ પટેલ, રવુભાઈ ખુમાણ, પીઠાભાઈનકુમતથાધીરજલાલ પુરોહિતની આગેવાનીમાં મેન્ડેટ રજૂ કરવામાંઆવ્યા હતા.

રાજુલા અને જાફરાબાદ તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભાજપનાં ઉમેદવારોનો વિજયફ થયા બાદ આજે બંને તાલુકા પંચાયતનાં પ્રમુખ સહિતનાં હોદેદારોની વરણી કરવામાં આવી હતી.

જેમાં રાજુલા તાલુકા પંચાયતનાં પ્રમુખપદે શ્રીમતી મધીબેન હિંમતભાઈ બળદાણીયા, ઉપપ્રમુખ પદે શ્રીમતીરેખાબેનકમલેશભાઈ મકવાણા, કારોબારી ચેરમેન તરીકે કુ. હેતલબેન કામલિયા, પક્ષનાંનેતાતરીકેઅમરાભાઈ ગોહિલ અને દંડક તરીકે મધુભાઈ મકવાણાનાં જવાબદારી સોંપાઈ છે.



જયારે, જાફરાબાદ તાલુકા પંચાયતમાં પ્રમુખપદે શ્રીમતી ગીતાબેન ડાભી, ઉપપ્રમુખ પદે રૂપેશભાઈ સાંખટ, કારોબારીચેરમેનતરીકેશ્રીમતીગુલાબેન વાળા, પક્ષનાં નેતા તરીકે શ્રીમતી ગીતાબેન પરમાર અને દંડક તરીકે માલાભાઈ શિયાળની વરણી કરવામાં આવી છે.

આ પ્રસંગે ભારતીય જનતા પાર્ટીના સર્વ નવનિયુકત હોદેદારોને શુભેચ્છાઓઅનેઅભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આગેવાનોએ આશા વ્યકત કરી હતી કે નવા હોદેદારો તાલુકાના વિકાસ કાર્યોને વધુ ગતિ આપીને જનહિતના પ્રશ્નોનો નિરાકરણ માટે કાર્ય કરશે. સર્વ નવનિયુકત હોદેદારોને અંતઃકરણપૂર્વક ખૂબ ખૂબ અભિનંદન.

### WHOનો ચોંકાવનારો રિપોર્ટ

# દુનિયામાં દર ૮માંથી ૧ વ્યક્તિ માનસિક બીમારીનો શિકાર

### વિશ્વભરમાં ૧ અબજથી વધુ લોકો ડિપ્રેશન અને ચિંતાના ભોગ બન્યા, યુવાનો સૌથી વધુ પ્રભાવિત

નવી દિલ્હી, તા.૨૫

આજે આખી દુનિયામાં માનસિક સ્વાસ્થ્યનું સંકટ ખૂબ જ ઝડપથી વધી રહ્યું છે, જે એક મોટી ચિંતાનો વિષય છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) ના લેટેસ્ટ રિપોર્ટ અનુસાર, હાલમાં દુનિયામાં દર 8માંથી 1 વ્યક્તિ કોઈને કોઈ પ્રકારની માનસિક બીમારી અથવા વિકૃતિનો સામનો કરી રહી છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જ સ્વિટ્ઝર્લેન્ડના જિનીવા ખાતે યોજાયેલી 79મી 'વર્લ્ડ હેલ્થ એસેમ્બલી'માં માનસિક સ્વાસ્થ્યને સૌથી મહત્વના મુદ્દા તરીકે સામેલ કરવામાં આવ્યું હતું. રિપોર્ટ દર્શાવે છે કે વૈશ્વિક સ્તરે 1 અબજથી વધુ લોકો આ સમસ્યાથી પીડાઈ રહ્યા છે અને આ આંકડો સતત વધી રહ્યો છે, જેમાં સૌથી વધુ ભોગ આપણા યુવાનો બની રહ્યા છે.આ રિપોર્ટમાં એક કડવું સત્ય પણ સામે આવ્યું છે કે માનસિક સ્વાસ્થ્ય એ દુનિયાની સૌથી વધુ ઉપેક્ષિત હેલ્થ કટોકટી છે. દુનિયાભરની સરકારો તેમના કુલ આરોગ્ય (હેલ્થ) બજેટના સરેરાશ માત્ર 2% જેટલો જ નજીવો હિસ્સો માનસિક સ્વાસ્થ્ય પાછળ ખર્ચ કરે છે. આંકડા જોઈએ તો, પુરુષોમાં આત્મહત્યાના કિસ્સા વધારે જોવા મળે છે, જ્યારે મહિલાઓમાં ચિંતા (એન્ઝાઈટી) અને હતાશા (ડિપ્રેશન) ની સમસ્યા બહુ ઝડપથી વધી રહી છે.માનસિક વિકાર શું છે અને તેના પ્રકારોહાલમાં ડિપ્રેશન અને એન્ઝાઈટી સૌથી સામાન્ય બીમારીઓ બની ગઈ છે. WHO ના મતે, દુનિયામાં સૌથી વધુ 15.6% માનસિક બીમારીઓ અમેરિકાના વિસ્તારોમાં છે, ત્યારબાદ યુરોપમાં 14.2% અને દક્ષિણ-પૂર્વ એશિયામાં 13.2% કેસ છે. કોવિડ-19 મહામારી પછી આ કેસોમાં અચાનક મોટો ઉછાળો આવ્યો છે અને તે દુનિયાભરમાં અક્ષમતા (અપંગતા) નું એક મુખ્ય કારણ બની રહ્યું છે.આ સંકટનું સૌથી મોટું અને ડરામણું પાસું એ છે કે તેના કારણે આત્મહત્યાના કેસો વધી રહ્યા છે. પ્રસિદ્ધ મેડિકલ જર્નલ 'ધ લેન્સેટ' મુજબ, દુનિયામાં દર વર્ષે આશરે 740,000 લોકો આત્મહત્યા કરે છે. આનો અર્થ એ થયો કે વૈશ્વિક સ્તરે દર 43 સેકન્ડે 1 વ્યક્તિ પોતાનો જીવ ટૂંકાવી લે છે. આજના સમયમાં 15 થી 29 વર્ષના યુવાનોના મોતમાં આત્મહત્યા એ ત્રીજું સૌથી મોટું કારણ બની ગયું છે. રિપોર્ટ મુજબ, પોર્ટુગલમાં એન્ઝાઈટીના સૌથી વધુ કેસ છે, જ્યારે સિરિયા ડિપ્રેશનના કેસોમાં સૌથી ટોચ પર છે.

### ભાજપ પ્રમુખનાં હોમટાઉનમાં કેસરીયો માહોલ

# ધારી તાલુકા પંચાયતમાં પ્રમુખપદે મહેશભાઈ સાવલિયા અને ઉપપ્રમુખપદે ગુલાબબેન વાળા

### ભાજપનાં કાર્યકરો અને આગેવાનો દ્વારા આવકાર

અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખના હોમટાઉન ધારી તાલુકા પંચાયતમાં ભાજપે ફરી એકવાર પોતાનું પ્રભુત્વ સાબિત કરતાં તાલુકા પંચાયત પર ભગવો લહેરાવ્યો છે. પ્રમુખ અને ઉપપ્રમુખ સહિતના હોદેદારોની વરણી દરમિયાન ભાજપે બહુમતીના બળ પર સત્તા હાંસલ કરી હતી.

ધારી તાલુકા પંચાયતના પ્રમુખ પદે ભાજપના મહેશ સાવલિયાની વરણી કરવામાં આવી હતી. જયારે ઉપપ્રમુખ પદે ગુલાબબેન વાળાની પસંદગી કરવામાં આવી હતી. હોદેદારોની વરણી પ્રક્રિયા દરમિયાન ભાજપના કાર્યકરો અને આગેવાનોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.



તાલુકા પંચાયતમાં ભાજપે સંગઠનાત્મક એકતા અને બહુમતીના આધારે સત્તા જાળવી રાખતાં જિલ્લા રાજકારણમાં પોતાનું પ્રભુત્વ વધુ મજબૂત બનાવ્યું હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

# ઈફ્કોએ ૫૫મી વાર્ષિક સાધારણ સભામાં સહકારી ક્ષેત્રમાં મહિલા નેતૃત્વની ઉજવણી કરી








ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર કોઓપરેટિવ લિમિટેડ (ઈફ્કો) એતેની ૫૫મી વાર્ષિક સાધારણ સભા (એજીએમ) દરમિયાન મહિલા સશકિતકરણ અને સહકારી ઉત્કૃષ્ણતાની ભાવનાનું સન્માન કર્યુ. સમાવેશી વિકાસ અને સહકારી ચળવળ પ્રત્યેની પોતાની પ્રતિબધ્ધતાને ફરી દોહરાવી. આ પ્રસંગે, પ્રતિષ્ઠિત ઈફકો સહકારિતા રત્ન અને સહકારિતા બંધુ પુરસ્કાર ઈફકોનાં ઈતિહાસમાં પ્રથમ વખત ઉત્કૃષ્ટ મહિલા સિધ્ધીકર્તાઓને એનાયત કરવામાં આવ્યા. જે કાશ્મીર અને ગુજરાતનું પ્રતિનિધિત્વ કરે છે. સહકારી ક્ષેત્રને મજબુત કરવામાં અને ગ્રામીણ સમુદાયોને સશકત બનાવવામાં તેમના અનુકરણીય યોગદાનની માન્યતામાં ઈફકો સહકારિતા રત્ન પુરસ્કાર, સહકારી ચળવળમાં ઉત્કૃષ્ટ સેવાઓ માટે વર્ષ ૨૦૨૪–૨૫ માટે "ઈફકો સહકારિતા રત્ન પુરસ્કાર" રૂા. ૧૧ લાખનાં માનદ સાથે–શકીલા અખ્તરને એનાયત કરવામાં આવ્યો. સયુકત રાષ્ટ્ર ધ્વારા વર્ષ ૨૦૨૫–૨૬ને "મહિલા ખેડૂત વર્ષ" જાહેર કરવાનાં ઉપલક્ષ્યમાં આ સન્માન તેમને દેશભરમાં ખાસ કરીને જમ્મુ અને કાશ્મીર રાજયમાં ગ્રાસરૂટ સ્તરે મહિલા કૃષિ અને સહકારી ચળવળને સશકત અને મજબુત કરવાની દિશામાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન અને અનુકરણીય પ્રતિબધ્ધતાને માન્યતામાં એનાયત કરવામાં આવ્યું. ત્યારબાદ ભાવના ગોંડલીયા વર્ષ ૨૦૨૪–૨૫ માટે ઈફકો સહકારિતા બંધુ પુરસ્કાર રૂા. ૧૧,૦૦,૦૦૦નાં રોકડ ઈનામ સાથે સહકારી ચળવળમાં તેમની ઉત્કૃષ્ટ સેવાઓ અને કૃષિમાં મહિલાઓના સશકિતકરણમાં તેમના અનુકરણીય યોગદાનની માન્યતામાં એનાયત કરવામાં આવ્યો. સભાને સંબોધતા ઈફકો અધ્યક્ષ દિલીપ સંઘાણીએ ઈફકોની સતત સફળતા પાછળની સામુહિક શકિતને રેખાકિત કરી તેમણે જણાવ્યું કે, સહકારી મંડળીઓ, ખેડૂતો અને વ્યાવસાયિક કર્મચારીઓના અડગ સમર્થન અને સમર્પણે ઈફકોને વિશ્વની અગ્રણી સહકારી સંસ્થાઓમાંથી એક બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. ઈફકો, વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં "સહકાર સે સમૃધ્ધિ" (સહકારથી સમૃધ્ધિ) ના વિઝનનું સાચું પ્રતીક છે. જે એક જીવંત અને આત્મનિર્ભર સહકારી ઈકોસિસ્ટમ ધ્વારા ખેડૂતો અને ગ્રામીણ ભારતને સશકત બનાવવા માંગે છે. "ઈફકોની યાત્રા અને સિધ્ધીઓ અને વ્યાવસાયિક કાર્યબળ સાથે મળીને આ સફળતાની કથાની કરોડરજજુ બનાવેછે." સંઘાણીએ કહ્યું એજીએમમાં દેશભરમાંથી ૮૫૦ થી વધુ સહકારી નેતાઓ, સભ્ય મંડળીઓ, ખેડૂત પ્રતિનિધિઓ અને હિતાધારકોએ ભાગ લીધો છે. જે ભારતમાં સહકારી ચળવળની વધતી તાકાત અને સુસંગતતાને રેખાંકિત કરે છે. ઈફકોની એજીએમની મુખ્ય વિશેષતાઓ નીચે મુજબ છે. નાણાકીય અને કાર્યકારી પ્રદર્શન : ઈફકોએ તેના નાણાકીય પરિણામો અને કાર્યકારી સિધ્ધીઓની મજબુત સમીક્ષા રજુ કરી કે.જે. પટેલ, મેનેજિંગ ડિરેકટર, ઈફકોએ જાહેરાત કરી કે, સંસ્થાએ રૂા. ૪૫૮૫ કરોડ કર્મચારીઓ માટે રૂા. ૪૯૦,૬૫ કરોડનો અભૂતપૂર્વ પ્રોત્સાહન ઈફકો કર્મચારીઓ માટે આ વર્ષે જાહેર કરવામાં આવ્યું છે. ઈફકો અધ્યક્ષ દિલીપ સંઘાણીની જાહેરાત અનુસાર, નીચલા સ્તરનાં કર્મચારીઓ માટે લઘુત્તમ વેતન રૂા. ૨૦,૦૦૦ જાહેર કરવામાં આવ્યું છે. જેના કાટે વધારાનું બજેટ રૂા. ૧૪૦ કરોડની જાહેરાત કરવામાં આવી છે. ક્ષેત્રીય પહેલ : એક પ્રદર્શનમાં ભારતીય બીજ સહકારી સમિતિ લિમિટેડ (બીબીએસએસ એલ), નેશનલ કોઓપરેટિવ એકસપોટર્સ લિમિટેડ (એનસીઈ એલ), ઈફકો–ટોકિયો જનરલ ઈન્શ્યોરન્સ કંપની, Cordet, Iffdc, ઈફકો બજાર, ઈફકો–એમસી, કિસાન રૂરલ ફાઈનાન્સ સહિત વિવિધ પહેલોમાં નવા ક્ષેત્રમાં મુખ્ય પ્રગતિ અને રોકાણ પ્રદર્શિત કરવામાં આવ્યા. ઈફકોની એજીએમમાં ઈકિવટી શેરહોલ્ડિંગ ધ્વારા ભારત ટેકસીમાં ઈફકોનાં રોકાણની ફરી પુષ્ટિ કરવામાં આવી. ધ્યાન કેન્દ્રિત ટકાઉ કૃષિ દિલીપ સંઘાણીનાં નવા નેતૃત્વ હેઠળ, ઈફકોએ ટકાઉ ખેતી પ્રધ્ધતિઓ પ્રત્યેની પોતાની પ્રતિબધ્ધતા દોહરાવી, નેનો–ખાતરોને વ્યાપક રીતે અપનાવવા અને નાના અને સીમાંત ખેડૂતોને ઉત્પાદકતા અને આવક વધારવા માટે વધુ સારા સમર્થન પર વિશેષ ભાર મૂકયો. આ કાર્યક્રમે વિકસિત ભારતનાં રાષ્ટ્રીય વિઝન અનુસાર આત્મનિર્ભર અને સમૃધ્ધ ગ્રામીણ ભારતનાં નિર્માણમાં સહકારી મંડળીઓની મહત્વપૂર્ણ ભૂમિકાને મજબુત બનાવી.

## પાના ૧ ઉપરનું ચાલું દેશમાં પેટ્રોલનો ભાવ પહેલીવાર

ભાવ રૂ.૧૦૨.૧૨ પ્રતિ લિટર, XP95નો ભાવ રૂ.૧૧૦.૬૮ પ્રતિ લિટર અને XGનો ભાવ રૂ.૧૦૧.૧૭ પ્રતિ લિટર છે.

ભોપાલમાં, ડીઝલનો ભાવ રૂ.૯૯.૬૪ પ્રતિ લિટર, પેટ્રોલનો ભાવ રૂ.૧૧૪.૫૭ પ્રતિ લિટર, XP95નો ભાવ રૂ.૧૨૩.૮૮ પ્રતિ લિટર અને XGનો ભાવ રૂ.૧૦૪.૯૦ પ્રતિ લિટર છે.

ચંદીગઢમાં, ડીઝલનો ભાવ રૂ.૮૯.૪૭ પ્રતિ લિટર, પેટ્રોલનો ભાવ રૂ.૧૦૧.૫૧ પ્રતિ લિટર અને XGનો ભાવ રૂ.૯૪.૬૫ પ્રતિ લિટર છે.

ગાંધીનગરમાં, ડીઝલનો ભાવ રૂ.૯૮.૧૩ પ્રતિ લિટર, પેટ્રોલનો ભાવ રૂ.૧૦૨.૦૧ પ્રતિ લિટર, XP95નો ભાવ રૂ.૧૧૦.૫૭ પ્રતિ લિટર અને XGનો ભાવ રૂ.૧૦૩.૩૭ પ્રતિ લિટર છે.

પેટ્રોલ-ડીઝલના વધેલા ભાવો પર સૌથી પહેલા આમ આદમી પાર્ટીનું રિએકશન આવ્યું છે. પાર્ટીના મીડિયા ઈન્ચાર્જ અનુરાગ ઢાંઢાએ કહ્યું કે, "મોદી સરકાર જનતાને એક જ ઝટકામાં નહીં, પણ ધીમે-ધીમે મારી રહી છે." છેલ્લા ૧૦ દિવસમાં મોદી સરકારે પેટ્રોલ અને ડીઝલની કિંમત ૭.૫૦ રૂપિયા વધારી છે. આજે અમદાવાદમાં પેટ્રોલનો ભાવ ૧૦૦ રૂપિયાને વટાવી ગયો છે. અહીં પેટ્રોલ ૧૦૧.૮૧ રૂપિયા અને ડીઝલ ૯૭.૯૩ રૂપિયા પ્રતિ લિટર વેચાઈ રહ્યું છે.

પેટ્રોલ-ડીઝલની વધતી કિંમતોને લઈને લોકોના રિએકશન પણ સામે આવી રહ્યા છે. કાનપુરના એક વ્યક્તિએ કહ્યું, "એક સામાન્ય માણસ પર ઘણી મુશ્કેલીઓ છે. પહેલા આપણે ૧૦૦ રૂપિયાનું પેટ્રોલ ભરાવતા હતા, તો ૧ લિટર કરતા પણ વધારે પેટ્રોલ આવતું હતું. આજે લિટર પેટ્રોલ પણ નથી આવતું. સરકારે આના પર ધ્યાન આપવું જોઈએ." દિલ્હીના એક ગ્રાહકે કહ્યું, "અમે ખૂબ પરેશાન છીએ. ઘણી જગ્યાએ ડીઝલ પણ મળતું નથી. આ મુદ્દે ચર્ચા થવી જોઈએ. ટેકસી ડ્રાઈવરોની મુશ્કેલીઓ વધશે. ડીઝલના ભાવ ઓછા થવા જોઈએ."

અનંતનાગના એક વ્યક્તિએ કહ્યું, "કિંમતો સતત વધી રહી છે અને અમને ખૂબ પરેશાની થઈ રહી છે. જો યોગ્ય ખરીદાર મળે તો હું મારી ગાડી વેચવાનો વિચાર કરી રહ્યો છું. બચત કરવી મુશ્કેલ થઈ ગઈ છે." ફરીદાબાદના એક વ્યક્તિએ સરકારને અપીલ કરી, "મોંઘવારી પહેલેથી જ અસર કરી રહી છે. સરકારને આ પર નિયંત્રણ લાવવું જોઈએ અને ઓછા આવકવાળા લોકોને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવા જોઈએ." એક અન્ય વ્યક્તિએ કહ્યું, "જનતા પરેશાન છે. જો રોજ ભાવ વધતા રહેશે તો લોકો કેવી રીતે સંભાળી શકશે? ઓફિસ જવું અને રોજિંદી જિંદગી ચલાવવી મુશ્કેલ થઈ જશે."

## પાના ૮ ઉપરનું ચાલું બગસરામાં ટાયર રીટ્રેડર્સની દુકાનમાં

આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક યુવકને સારવાર અર્થે ખાનગી દવાખાને ખસેડવામાં આવ્યો હતો.

જો કે સારવાર મળે તે પહેલાં જ ડોકટરે યુવકને મૃત જાહેર કર્યો હતો. યુવાનના અચાનક મોતથી પરિવાર જનોમાં ગમગીની છવાઈ ગઈ હતી તેમજ સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

આ બનાવની જાણ થતાં પીજીવીસીએલના અધિકારીઓ તેમજ બગસરા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને ઈલેકિટ્રક શોક કઈ પરિસ્થિતિમાં લાગ્યો તે અંગે તપાસ શરૂ કરી હતી. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૧૦, પહેલા માળે, ફિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

## પાના ૧ ઉપરનું ચાલું લીલીયા તાલુકા પંચાયતનાં પ્રમુખ પદે

બીનહરીફ જાહેર કરવામાં આવ્યા હતા ને કોંગ્રેસે જીતનો જશ્ન મનાવ્યો હતો સાથે સાથે લીલીયાના પ્રાણ પ્રશ્નો માટે હંમેશા જાગૃતતાથી કામો કરવાનું જણાવ્યું હતું એકંદરે લીલીયા તાલુકા પંચાયતમાં કોંગ્રેસે કબજો કરીને કોંગી નેતા પ્રતાપ દુધાતે હોમ ટાઉનમાં તાલુકા પંચાયત યંથાવત જાળવી રાખી હતી ને વિજેતા સત્તાધીશ પ્રમુખ ઉપપ્રમુખ સાથે તમામ કોંગી કાર્યકર્તાઓનો સહર્ષ આભાર પ્રતાપ દુધાતે વ્યક્ત કર્યો હતો આ તાલુકા પંચાયત પ્રમુખ ઉપપ્રમુખની વરણી વખતે લીલીયા તાલુકા કોંગ્રેસના મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને કોંગ્રેસના સભ્યો ખૂબ અભિનંદન આગેવાનોએ આપેલ હતા.

## પાના ૮ ઉપરનું ચાલું વિદેશી દારૂ ભરેલ ઈકો ઝડપાઈ

વોચમાં હતા. તે દરમ્યાન રાત્રે ૯ વાગ્યા આસપાસ હકીકતવાળી ઈકો ગાડી શેડુભાર ગામ તરફથી આવતા તેને ઉભી રખાવવાની કોશીશ કરતા, આ ઈકો ગાડીના ચાલકે ગાડી ઉભી રાખેલ નહીં. અને પુરઝડપે ત્યાથી ગાડી ભગાવી ચિત્તલ તરફ જતો રહેલ ત્યારે પોલીસે ઈકો ગાડીનો પીછો કરતા ઈકો ગાડીના ચાલકે પોતાના હવાલાવાળી ઈકો ગાડી અમરેલી ચિત્તલ તરફ રોડ ટીંબા ગામેથી ચિત્તલ તરફ જતા હરી ક્રિષ્ન સરોવરના બોર્ડ પાસે ઈકો ગાડી સાઈડમાં ઉતારી દઈ ઈકો ગાડીનો ચાલક તથા તેની બાજુની સીટમાં બેસેલ ઈમસ અંધારાનો લાભ લઈ ઈકો ગાડી છોડી ભાગી ગયેલ હતા. ઈકો ગાડી જોતા સાઈડના બન્ને દરવાજા નીચે તથા પાછળની સીટના નીચેના ભાગે શંકાસ્પદ રીતે બોલ્ટ મારી ચોરખાના બનાવેલ ચોરખાનામાંથી છુટી કુલ બોટલ નંગ ૨૩૦ જે એક બોટલની કિંમત રૂપિયા ૩૯,૧૦૦ તથા ગાડીના ડેસબોર્ડ ઉપર બે એન્ડ્રોઈડ મોબાઈલ ફોન પડેલ હોય જેથી કિંમત રૂપિયા ૨૦,૦૦૦ તથા કાર મળી કુલ રૂપિયા ૩,૫૯,૧૦૦ નો મુદામાલ પકડાઈ જઈ અને આરોપી નાસી ગયા હતા.

## પાના ૮ ઉપરનું ચાલું બાબરા તાલુકા પંચાયતનાં પ્રમુખ પદે

બાબરા તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીમાં ભાજપે ૧૫ બેઠકો સાથે પૂર્ણ બહુમતી મેળવી ઐતિહાસિક જીત નોંધાવી હતી. પ્રમુખ પદ પુરૂષ સામાન્ય બેઠક માટે અનામત હોવાથી ભાજપમાં અનેક દાવેદારો વચ્ચે કોટડાપીઠા બેઠક પરથી વિજેતા બનેલા યુવા ઉમેદવાર તુષારભાઈ રામાણીનું નામ સૌથી મજબૂત માનવામાં આવતું હતું. અંતે જિલ્લા ભાજપના નેતાઓ અને લાઠી પ્રાંત અધિકારીની ઉપસ્થિતિમાં તેમની સત્તાવાર વરણી કરવામાં આવી હતી.

આ સાથે ઉપપ્રમુખ તરીકે ઊર્મિલાબેન કારેણા, કારોબારી સમિતિના ચેરમેન તરીકે માધાભાઈ કટારીયા, શાસક પક્ષના નેતા તરીકે કલ્પેશભાઈ મકવાણા તથા દંડક તરીકે હીનેબેન ગરૈયાની પણ વરણી કરવામાં આવી હતી.

તુષારભાઈ રામાણી માત્ર ૨૮ વર્ષની વયે તાલુકા પંચાયતના પ્રમુખ બનતા તેઓ અત્યાર સુધીના સૌથી નાની વયના પ્રમુખ તરીકે ચર્ચામાં આવ્યા છે. તેઓ બી.કોમ. સુધી અભ્યાસ કરેલ શિક્ષિત યુવા નેતા છે. લાંબા સમય બાદ તાલુકા પંચાયતને શિક્ષિત તથા યુવા નેતૃત્વ મળતા વિકાસને નવી દિશા મળશે તેવી આશા કાર્યકરો અને ગ્રામ્ય વિસ્તારોના લોકો વ્યકત કરી રહ્યા છે.

વરણી બાદ તાલુકા પંચાયત કચેરી ખાતે ભાજપના આગેવાનો, કાર્યકરો અને તાલુકા પંચાયતના સભ્યો દ્વારા નવ નિયુકત પદાધિકારીઓનું ફૂલહાર અને શુભેચ્છાઓ સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભાજપ કાર્યકરોમાં ઉત્સાહ અને ઉજવણીનો માહોલ જોવા મળ્યો હતો.

આ પ્રસંગે ભાજપના આગેવાનો દ્વારા જણાવાયું હતું કે, ભાજપ હંમેશા યુવા અને શિક્ષિત ચહેરાઓને તક આપતી પાર્ટી રહી છે. તુષારભાઈ રામાણીની વરણી એ યુવાનો પ્રત્યે પક્ષના વિસનું પ્રતિક છે અને આગામી સમયમાં બાબરા તાલુકાના વિકાસ કાર્યોને વધુ ગતિ મળશે તેવી આશા વ્યકત કરવામાં આવી હતી.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૦૦ | ૧૩૫૫ |
| ૨ | શિંગ મોટી | ૧૦૩૦ | ૧૬૨૦ |
| ૩ | શિંગદાણા | ૧૪૦૦ | ૧૯૫૦ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૨૩૦ | ૧૮૩૫ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૫૮૫ |
| ૬ | તલ કાળા | ૨૧૦૦ | ૩૫૦૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૧૩૫ | ૨૩૩૦ |
| ૮ | બાજરો | ૪૩૦ | ૫૩૦ |
| ૯ | જુવાર | ૩૫૫ | ૯૧૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૦૫ | ૫૫૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૦૦ | ૪૭૫ |
| ૧૨ | મગ | ૧૪૪૦ | ૧૬૮૫ |
| ૧૩ | અડદ | ૮૦૦ | ૧૫૧૦ |
| ૧૪ | ચણા | ૯૧૦ | ૧૧૫૦ |
| ૧૫ | ચણા દેશી | ૯૬૦ | ૧૦૦૦ |
| ૧૬ | સફેદ ચણા | ૧૦૭૦ | ૧૧૨૫ |
| ૧૭ | છોલે ચણા | ૧૨૭૦ | ૧૩૦૫ |
| ૧૮ | તુવેર | ૭૪૦ | ૧૫૭૦ |
| ૧૯ | કપાસ | ૧૧૨૦ | ૧૯૮૫ |
| ૨૦ | એરંડા | ૧૦૭૦ | ૧૨૮૦ |
| ૨૧ | જીરૂ | ૧૮૧૦ | ૩૭૬૫ |
| ૨૨ | રાયડો | ૧૦૫૦ | ૧૧૩૦ |
| ૨૩ | રાય | ૧૨૧૦ | ૧૪૫૦ |
| ૨૪ | ધાણા | ૧૯૮૦ | ૨૪૮૫ |
| ૨૫ | ધાણી | ૧૯૯૦ | ૨૪૪૦ |
| ૨૬ | અજમા | ૧૭૨૦ | ૧૮૯૦ |
| ૨૭ | મેથી | ૧૧૯૦ | ૧૨૭૦ |
| ૨૮ | સોયાબીન | ૧૨૦૦ | ૧૫૨૦ |
| ૨૯ | રજકાનું બી | ૪૦૦૦ | ૬૩૨૫ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૫૧ | ૧૬૭૧ |
| ૨ | મગફળી | ૧૦૦૦ | ૧૩૫૬ |
| ૩ | ચણા | ૧૦૫૦ | ૧૦૮૧ |
| ૪ | જુવાર સફેદ | ૭૫૧ | ૮૦૧ |
| ૫ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૩૧૫ |
| ૬ | તલ કાળા | ૩૨૫૧ | ૩૩૦૦ |
| ૭ | તુવેર | ૧૩૪૦ | ૧૩૪૦ |
| ૮ | એરંડા | ૧૨૪૦ | ૧૨૪૦ |
| ૯ | બાજરો | ૪૧૧ | ૪૧૨ |
| ૧૦ | મગ | ૧૫૭૫ | ૧૫૭૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૦૦ | ૧૬૬૦ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૦ | ૧૪૬૧ |
| ૩ | શીંગ દાણા | ૧૫૦૦ | ૧૮૩૧ |
| ૪ | તલ સફેદ | ૨૦૫૦ | ૨૪૫૧ |
| ૫ | તલ કાળા | ૩૦૦૦ | ૩૪૮૧ |
| ૬ | જીરૂ | ૨૯૦૦ | ૩૪૩૦ |
| ૭ | કપાસ | ૧૬૦૦ | ૧૯૨૬ |
| ૮ | ઘઉં લોકવન | ૪૪૦ | ૪૯૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૧૦ |
| ૧૦ | બાજરો | ૪૦૦ | ૫૦૦ |
| ૧૧ | જુવાર | ૬૦૦ | ૧૦૦૦ |
| ૧૨ | મકાઈ | ૩૫૦ | ૪૫૦ |
| ૧૩ | મગ | ૧૫૫૦ | ૧૭૦૦ |
| ૧૪ | અડદ | ૧૫૦૦ | ૧૬૫૦ |
| ૧૫ | ચણા | ૧૦૮૦ | ૧૧૫૯ |
| ૧૬ | દેશી ચણા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૧૭ | તુવેર | ૧૧૨૦ | ૧૨૯૦ |
| ૧૮ | એરંડી | ૧૨૦૦ | ૧૨૬૭ |
| ૧૯ | મેથી | ૧૨૫૦ | ૧૩૦૦ |
| ૨૦ | રાય/રાયડો | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ૨૧ | ધાણા | ૨૦૦૦ | ૨૪૦૦ |
| ૨૨ | સોયાબીન | ૧૩૦૦ | ૧૪૦૦ |
| ૨૩ | રાજગરો | – | ૧૬૫૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૨૧૦ | ૧૪૦૫ |
| ૨ | ઘઉં | ૪૪૪ | ૪૪૭ |
| ૩ | ચણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૪ | તુવેર | ૧૨૦૦ | ૧૪૭૫ |
| ૫ | ધાણા | ૧૯૫૦ | ૨૪૫૧ |
| ૬ | તલ સફેદ | ૨૦૫૫ | ૨૩૦૦ |
| ૭ | તલ કાળા | ૨૫૦૦ | ૩૪૦૦ |
| ૮ | એરંડા | ૧૨૬૦ | ૧૨૭૪ |
| ૯ | મગ | ૧૫૩૫ | ૧૭૦૦ |
| ૧૦ | અડદ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૧ | શીંગ દાણા | ૧૫૦૫ | ૧૭૫૦ |
| ૧૨ | મકાઈ | ૪૪૦ | ૪૪૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૬૫૦ |
| ૨ | મગફળી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૩ | ઘઉં લોકવન | ૩૮૫ | ૪૬૧ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૩૯ | ૪૩૯ |
| ૫ | જુવાર | ૪૦૦ | ૪૦૦ |
| ૬ | તુવેર | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ૭ | ચણા | ૯૬૦ | ૧૧૨૫ |
| ૮ | એરંડા | ૧૦૦૦ | ૧૧૬૦ |
| ૯ | મગ | ૧૦૦૦ | ૧૬૨૫ |
| ૧૦ | સોયાબીન | ૧૨૦૦ | ૧૨૪૦ |
| ૧૧ | તલ સફેદ | ૧૮૨૫ | ૨૩૬૦ |
| ૧૨ | મકાઈ | ૩૪૫ | ૩૪૫ |
| ૧૩ | વાલ | ૮૫૫ | ૮૫૫ |
| ૧૪ | વરીયાળી | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૧૫ | તલકાળા | ૨૦૦૦ | ૩૦૦૦ |
| ૧૬ | ધાણા | ૧૭૫૦ | ૨૩૨૩ |
| ૧૭ | શીંગફાડા | ૧૬૬૫ | ૧૯૧૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ સુપર | ૧૬૦૦ | ૧૯૦૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૫૪૦ | ૧૬૦૦ |
| ૩ | મગફળી | ૧૨૪૫ | ૧૩૭૫ |
| ૪ | તલ સફેદ | ૧૫૪૦ | ૨૩૦૦ |
| ૫ | તલ કાળા | ૨૭૬૦ | ૩૨૦૦ |
| ૬ | જીરૂ | ૩૦૩૦ | ૩૭૦૦ |
| ૭ | ચણા | ૧૧૧૫ | ૧૧૩૫ |
| ૮ | ઘઉં | ૪૭૦૦ | ૫૧૦ |
| ૯ | એરંડા | ૧૦૭૦ | ૧૨૦૦ |
| ૧૦ | મગ | ૧૪૬૦ | ૧૬૦૦ |
| ૧૧ | તુવેર | ૧૧૩૦ | ૧૪૧૦ |
| ૧૨ | ધાણા | ૧૬૨૦ | ૨૪૩૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૧૪૨૧ |
| ૨ | તલ સફેદ | ૧૫૫૧ | ૨૩૩૭ |
| ૩ | તલ કાળા | ૨૧૧૯ | ૩૨૯૧ |
| ૪ | કપાસ | ૧૧૫૦ | ૧૮૫૦ |
| ૫ | બાજરો | ૨૮૧ | ૫૨૫ |
| ૬ | ઘઉં ટુકડા | ૩૫૦ | ૫૧૩ |
| ૭ | જુવાર | ૩૪૮ | ૧૦૧૩ |
| ૮ | મકાઈ | ૩૦૦ | ૩૫૧ |
| ૯ | મગ | ૧૪૦૦ | ૧૭૧૧ |
| ૧૦ | અડદ | ૧૨૫૦ | ૧૫૮૦ |
| ૧૧ | તુવેર | ૧૦૦૦ | ૧૨૦૧ |
| ૧૨ | ચણા | ૭૦૦ | ૧૧૦૦ |
| ૧૩ | જીરૂ | ૩૪૦૦ | ૩૪૦૦ |
| ૧૪ | એરંડી | ૧૦૫૦ | ૧૧૫૦ |
| ૧૫ | મેથી | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ૧૬ | સોયાબીન | ૧૨૮૦ | ૧૪૦૦ |
| ૧૭ | રાય | ૯૮૦ | ૧૩૦૧ |
| ૧૮ | એરંડી | ૧૦૫૦ | ૧૧૫૦ |


# અમરેલી ખાતે યુથ આઇકન વસંતભાઈ ગજેરાનો જન્મદિવસ પ્રેરણાત્મક રીતે ઉજવાયો











એક એવા સમાજ–સેવી, ભામાશા વતનના રતનનો અવતરણ દિવસ જેઓ યુવાનોના આઈકન છે. જેઓનો જન્મ ઈ.સ. ૧૯૫૪માં અમરેલીમાં ખૂબ જ મધ્યમ વર્ગના પરિવારમાં જન્મ થયો હતો. કુટુંબની પરિસ્થિતિના કારણે તેઓ ફકત ચાર ધોરણ સુધી જ અભ્યાસ કરી શક્યા નાનપણથી ઉદાર દિલના વ્યકિત પોતાના મિત્ર સાથે ગમે તે ખર્ચ થાય તો પણ ક્યારેય મિત્રને ખીચામાં હાથ ના નાખવા દેતા એ વસંત ગજેરા. પછી ભલે ગજવામાં નાણા ઓછા હોય પણ મન મોટું રાખનારા વ્યકિતએ સાવ નાની ઉંમરમાં એટલે કે ૧૭ વર્ષની વયે સુરતમાં હીરાની પાંચ ઘંટી શરૂ કરી અને પોતાની મહેનત તેમજ સૂઝ બુઝથી ધીમે ધીમે ડાયમંડ બિઝનેસને મોટા સ્વરૂપમાં સ્થાપવામાં કંઈ ઓછી મહેનત નથી કરી સાથે પોતાના ભાઈઓ માતા–પિતાને એક સાથે રાખી સંયુક્ત કુટુંબની ભાવના આજના દિવસે પણ આ પરિવારમાં જોવા મળે છે. ૧૫ થી વધુ દેશમાં પોતાના બિઝનેસ એમ્પાયર ઊભું કરી તેઓ સફળ બિઝનેસમેન બન્યા છે. જેમને આજે લોકો ડાયમંડ કિંગ તરીકે ઓળખે છે. આજના દરેક યુવાનના તેઓ યુથ આઈકન અને આઈડલ બન્યા છે. આ વાત છે એક વિશિષ્ટ વ્યકિતત્વ ધરાવતા યુગ–પુરૂષની, એક એવું પ્રભાવશાળી વ્યકિતત્વ જે ઘણા વર્ષો સુધી આપણને પ્રેરણા અને માર્ગદર્શન પૂરૂ પાડતું રહેશે, નિરાધારનો આધાર અને સર્વોત્તમ શિક્ષણનાં સ્વપ્નદ્રષ્ટા– અગ્રણી કેળવણીકાર વસંતભાઈ ગજેરા. અમરેલીમાં એક નાના એવા કારખાનામાંથી લક્ષ્મી ડાયમંડ જેવા દિગ્ગજ બિઝનેસ એમ્પાયર સુધીની સફર ખેડનાર લોકો માટે બિઝનેસમેન ડાયમંડ કિંગ પરંતુ વિદ્યાર્થીઓ અને નાના ભૂલકાઓ માટે તેમના પ્રિય વસંતદાદા. જેમણે ઘણા વર્ષો પહેલા પોતાના વતન સૌરાષ્ટ્રમાં દીકરીઓના એજયુકેશનની ચિંતાને લઈને આવતા પ્રશ્નોના નિરાકરણ અર્થે એક સહજ ભાવનાથી પટેલ સંકુલની રચના કરી. શિષ્યવૃત્તિ અને એજયુકેશનના અનેક લાભો સાથે સર્વોત્તમ સુવિધાથી સુસજ્જ કેમ્પસ પૂરૂ પાડી દીકરીઓને સમગ્ર ગુજરાતમાં સર્વોચ્ચ પરિણામ સાથેની સફળતા પ્રાપ્ત કરવા હંમેશાં માર્ગદર્શન પૂરૂં પાડ્યું. અમરેલીના લોકોના તબીબી અને સારવારની સુવિધાઓને ધ્યાનમાં રાખીને અમરેલી જિલ્લાના લોકોને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં નિઃશૂલ્ક સેવાઓ આધુનિક બિલ્ડીંગ અને મશીનરી ઉપલબ્ધ કરાવી અને પીપીપી મોડેલ પર અમરેલી જિલ્લાની પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને અમરેલીની જનરલ હોસ્પિટલનું સુકાન સંભાળ્યું. જેમાં આજે ૧૫૦૦ થી ૨૦૦૦ દૈનિક ઓપીડી થાય છે. સંકુલમાં દીકરીઓને સર્વાંગી એજયુકેશન તો હતું જ, પરંતુ બોયઝ માટે શું ? આવા સમયે વસંતભાઈ ગજેરાએ – ડો. જીવરાજ મહેતાનું અમરેલીને એજયુકેશન હબ બનાવવાનું સ્વપ્ન એટલે કે ''વિદ્યાસભા''ને સાકાર કર્યું. વિદ્યાસભાના વિકાસમાં આર્થિક અને સામાજિક એક મહત્વપૂર્ણ યોગદાન આપી પોતાના પરિશ્રમ અને માર્ગદર્શનથી ૧૧૦ એકરમાં તમામ સુવિધાઓ અને ટેકનોલોજીથી સુસજ્જ શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસનું નિર્માણ કર્યું – એક એવું કેમ્પસ કે જયાં કેજીથી લઈ પીજી સુધીનું તમામ શિક્ષણ વિદ્યાર્થીઓને પ્રાપ્ત થાય. આ જ કેમ્પસમાં વિદ્યાર્થીઓને ભણતર સાથે 'ગ' ગણતર નો 'ગ' શીખવ્યો. વિદ્યાર્થીઓને અત્યાધુનિક અને મોડર્ન લેબ્સ તેમજ વિદ્યાર્થીઓમાં કૌશલ્ય વિકસાવવા માટે સ્કિલ્સ સ્કૂલ ઉભી કરી. શિક્ષકો–વિદ્યાર્થીઓની મહેનત અને વસંત દાદાના માર્ગદર્શન અને પ્રેરણાથી છેલ્લા ૨૦ વર્ષથી ગજેરા સ્કૂલએ સર્વોચ્ચ પરિણામની પરંપરા પ્રાપ્ત કરી. સાથે સાથે ગજેરા સ્કૂલ : સમગ્ર સૌરાષ્ટ્રમાં જ્ઞાનશકિત રેસીડેન્સિયલ સ્કૂલ્સ ઓફ એકસીલેન્સ અને ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ ધરાવતી એકમાત્ર શાળા બની. વિદ્યાર્થીઓને તબીબી ક્ષેત્રે સર્વાંગી અને સંપૂર્ણ જ્ઞાન મળી રહે તે માટે તમામ ટેકનોલોજી અને વર્લ્ડ ક્લાસ ઈન્ટિરિયરથી સુસજ્જ શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા મેડિકલ કોલેજનું ભવ્ય નિર્માણ કર્યું. આમ, તેઓ એજયુકેશન અને મેડિકલ ક્ષેત્રના અમરેલીના ભામાશા બન્યા. બિઝનેસ હોય કે પછી એજયુકેશન તમામ ફિલ્ડમાં તેઓ હંમેશા સર્વોચ્ચ અને સફળ રહ્યા. આ ઉપરાંત નિરાધાર બાળકોનો આધાર સ્તંભ અને તેમના કલ્યાણના હેતુથી ૨૦૦૫માં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ટ્રસ્ટ સંચાલિત વાત્સલ્ય ધામની રચના કરવામાં આવી. શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરાનું સ્વપ્ન –વાત્સલ્ય ધામ એક એવું પવિત્ર સ્થાન કે જયાં વિદ્યાર્થીઓને એજયુકેશનથી માંડીને સર્વાંગી કૌશલ્યો વિકસાવવા માટેની સુવર્ણ તક મળી. વિદ્યાર્થીઓને મોર્ડન ટેકનોલોજી અને અત્યાધુનિક સુવિધાઓ સાથે એક આદર્શ વ્યકિત બનવા માટેનું હર હંમેશ માર્ગદર્શન આપ્યું. તેઓએ ૧૦થી પણ વધુ વાત્સલ્યધામ બનાવવાનો સંકલ્પ લીધો. હાલ ઓરિસ્સા ખાતે વાત્સલ્યધામ–૨ નિમાર્ણ પામી રહ્યું છે. લોકો માટે હોસ્પિટલોથી માંડીને શાળાઓ અને અનેક સમાજ સેવાથી સમગ્ર ગુજરાતને વસંત દાદાના રૂપમાં એક અનોખી ભેટ મળી છે. જેમને અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સથી સન્માનિત કરવામાં આવ્યા છે. વસંતદાદાએ પર્યાવરણ માટે ૧,૦૦,૦૦૦ થી વધુ વૃક્ષોનું વાવેતર કરી આપણા સમાજમાં એક મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. વતનના આવા પ્રેમને કારણે અમરેલીની જનતાએ તેમને સુવર્ણ તુલા, રકત તુલાથી સન્માન કરી ''વતનના રતન''નું બિરૂદ આપ્યું છે. આજે એક પ્રતિભાશાળી વ્યકિતત્વ અને સક્સેસફૂલ બિઝનેસમેન હોવા છતાં સતત જમીન સાથે જોડાયેલા રહીને ભારતના યુગ પુરૂષ એવા વસંતભાઈ ગજેરાનો જન્મદિવસ છે. આપણે સૌ તેમનાં દીર્ઘાયુ જીવન માટે પ્રાર્થના કરીએ અને સમાજ માટે આવા અનેક કલ્યાણકારી કામો કરતા રહે અને આપણા તેમના જીવનમાંથી પ્રેરણા મેળવતા રહીએ. આ તકે મંત્રી ચતુરભાઈ ખુંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી તેમજ સર્વ સ્ટાફ અને સ્ટુડન્ટસ– વસંતભાઈ ગજેરાને તેમના જન્મદિવસ નિમિતે ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવે છે.

### પાલિકાનાં શાસકોએ શહેરને સુંદર અને રળીયામણુ બનાવવુ જોઈએ

## દામનગરમાં વૈજનાથ મંદિર નજીકનાં નાળા નીચે બેફામ ગંદકીથી શહેરીજનોનાં આરોગ્ય પર ગંભીર ખતરો

### આગામી દિવસોમાં ચોમાસુ શરૂ થાય તે પહેલા સફાઈ કામગીરી જરૂરી




દામનગર, તા. ૨૫

અહીંનાં વૈજનાથ મહાદેવ અને ગાયત્રી મંદિરની બાજુમાં આવેલ મુખ્ય માર્ગ પર નવા બનાવેલ નાળા નીચે થોડાક દિવસથી પાઈપ તુટી જવાથી પાણીનો ભરાવો થતા અસહ્ય દુર્ગંધ મારી રહ્યાં હોય રોગચાળાનો ભય રહ્યાં કરે છે. તેમજ કચરાનો ખડકલો થયો હોય તાકીદે આ સમસ્યા દૂર કરવાની જરૂર છે અને ચોમાસુ શરૂ થાય તે પહેલાં પ્રિમોન્સૂન કામગીરી ઝડપી બનાવવામાં આવે એવી માંગ છે. નગરપાલિકામાં નવા ચૂંટાયેલા પ્રતિનિધિઓ આ બાબતે લોકોનો સુખાકારી માટે આરોગ્યલક્ષી કાર્યવાહી કરે તે જરૂરી છે.

### એસપીની સુચનાથી એસઓજીની કામગીરી

## રાજુલામાં ગેરેજમાંથી સુકા ગાંજાનો ૫,૨૧૮ કિ.ગ્રા. જથ્થો ઝડપી લેવાયો

### ૨ આરોપીને ઝડપી લઈ તપાસ શરૂ કરાઈ



અમરેલી, તા. ૨૫

અમરેલી એસ.ઓ.જી. પોલીસ ઈન્સ. બી.જી. ઈશરાણીની રાહબરી હેઠળ એસ.ઓ.જી. ટીમ રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન ખાનગીરાહે મળેલ બાતમીના આધારે દરોડો કરી રાજુલાના ડોળીયાનો પટ્ટ, સરકારી ગોડાઉન પાછળ, ગુડલક જમ્પર સર્વિસ ગેરેજ ખાતેથી નાજીમશા અહેમદશા પઠાણ તથા ગૌતમકુમાર દિલીપકુમાર ઝા પાસેથી સુકા ગાંજાનો જથ્થો વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજાનો જથ્થો વજન ૫ કિલો ૨૧૮ ગ્રામ કિંમત રૂા. ૨,૬૦,૯૦૦, મોબાઈલ ફોન નંગ–૨ કિંમત રૂા. ૫૫૦૦, ડીજીટલ વજન કાંટો નંગ–૧ કિંમત રૂપિયા ૫૦૦ તથા રોકડ રૂપિયા ૨૭૦૦ મળી કુલ રૂપિયા ૨,૬૯,૬૦૦ સાથે રેઈડ દરમ્યાન ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

### પંચાયતનું શાસન મહિલાઓ ચલાવશે

## અમરેલી તાલુકા પંચાયતના પ્રમુખ પદે ગીતાબેન માંડણકા, ઉપપ્રમુખ પદે વિલાસબેન ખુમાણને જવાબદારી

### ભાજપને ૧૮માંથી ૧૬ બેઠકો ઉપર સફળતા મળેલ

અમરેલી, તા. ૨૫

અમરેલી તાલુકા પંચાયતમાં પ્રમુખ, ઉપપ્રમુખ તથા કારોબારી ચેરમેન સહિતનાં હોદ્દેદારોની વરણી દરમિયાન મહિલાશક્તિનું પ્રભુત્વ જોવા મળ્યું હતું. તાલુકા પંચાયતનાં પ્રમુખપદે ગીતાબેન માંડણકાની વરણી કરવામાં આવી હતી. જયારે ઉપપ્રમુખ પદે વિલાસબેન ખુમાણ ચૂંટાઈ આવ્યા હતા. કારોબારી ચેરમેન પદે અરવિંદ કાકડીયાની પસંદગી કરવામાં આવી હતી.અમરેલી તાલુકા પંચાયતની કુલ ૧૮ બેઠકોમાંથી ભાજપ પાસે ૧૬ બેઠકો હોવાને કારણે હોદ્દેદારોની વરણી સરળતાથી પૂર્ણ થઈ હતી. તાલુકા પંચાયતમાં કોંગ્રેસ અને આપના એક–એક સભ્ય છે. બહુમતીનાં બળ પર ભાજપે પ્રમુખ, ઉપપ્રમુખ સહિતનાં હોદ્દેદારોની વરણી કરીને સત્તા પર કબજો જાળવી રાખ્યો હતો. આ સમગ્ર પ્રક્રિયામાં અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી દ્વારા મેન્ડેટ આપીને હોદ્દેદારોની વરણી કરાવવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. તાલુકા પંચાયતમાં મહિલા આગેવાનોને મહત્વપૂર્ણ જવાબદારી સોંપાતા ભાજપ સંગઠનમાં મહિલાશક્તિને પ્રાધાન્ય આપવામાં આવ્યું હોવાનો સંદેશ પણ સ્પષ્ટ થયો છે.


**શ્રી સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.**
**મહુવા રોડ, કોર્ટની બાજુમાં મુ. સાવરકુંડલા, જિ. અમરેલી.**

**:: જાહેરાત ::**

શ્રી સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.ને મહુવા રોડ સ્થિત નવા ગોડાઉન ઉપર ફાર્મર કોમ્યુનીટી હોલ તથા ઓફીસ બિલ્ડીંગ બનાવવાના કામ માટેના નીચે મુજબના ભાવો મંગાવવામાં આવે છે.
(૧) આર.સી.સી. ના કોલમ, બીમ, સ્લેબનું ફકત મજુરીકામ ના ફુટના ભાવ
(૨) ચણતર (ઈટો/બેલા) કામ ફકત મજુરીકામના ચો.ફુટના ભાવ
(૩) પ્લાસ્ટર તથા પુટી કામ ફકત મજુરીકામના ચો.ફુટના ભાવ
(૪) લાદી, ટાઈલ્સ, ફલોરીંગ કામ ફકત મજુરીકામના ચો.ફુટના ભાવ
(૫) ઈલેકટ્રીક, પ્લમબીંગ, ડ્રેનેજ, સેનેટરી કામ ફકત મજુરીકામના ભાવ
ઉપરોકત કામોના ભાવો કામવાઈઝ અલગ–અલગ બંધ કવરમાં જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિવસ–૮ (આઠ) માં શ્રી સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.ની ઓફીસે ઓફીસ સમય દરમ્યાન પહોંચતા કરવા. આવેલ ભાવો બાબતે નિર્ણય કરવાની તમામ સત્તા તાલુકા સંઘને અબાધીત રહેશે.
(૬) નીચે જણાવેલ સ્ટીલ, સિમેન્ટ, કપચી, રેતી વિ. મટીરીયલ ના ભાવો મંગાવવામાં આવે છે. તો રસ ધરાવતા સપ્લાયરો / વેપારીઓ એ પોતાના ભાવો બંધ કવરમાં દિવસ–૮ (આઠ) માં ઉપરોકત સરનામે પહોંચતા કરવા. ભાવ સ્થળપર મટીરીયલ પહોંચતા ના આપવાના રહેશે. આવેલ ભાવો બાબતે નિર્ણય કરવાની તમામ સત્તા તાલુકા સંઘને અબાધીત રહેશે.

| ક્રમ | વિગત | ક્રમ | વિગત |
|---|---|---|---|
| ૧ | રેતી | ૨ | સિમેન્ટ |
| ૩ | કપચી | ૪ | લોખંડ |
| ૫ | ઈંટો | ૬ | ઈલેકટ્રીક સામાન |
| ૭ | પ્લમ્બીંગ તથા સેનેટરી સામાન | ૮ | ગ્રેનાઈટ, મારબલ, ટાઈલ્સ, ફલોરીંગ |

બોર્ડ ઓફ ડીરેકટર્સ વતી
શ્રી દિપકભાઈ કે. માલાણી, પ્રમુખશ્રી
શ્રી આર. એમ. માલાણી, મેનેજરશ્રી
**શ્રી સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.**



**શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત**
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
**શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ**
ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯
**પ્રવેશની ઉત્તમ તક...**
વર્ષ-૨૦૨૬માં ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...
શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે
પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.
F.Y.B.Com. SEMESTER-1 | S.Y.B.Com. SEMESTER-3 | T.Y.B.Com. SEMESTER-5 | M.Com. SEMESTER-1,3
- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ
- તદ્દન આધુનિક સુવિધા સજ્જ ત્રણ માળનું, સાધન સંપન્ન ક્લાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- નવી શિક્ષણ નીતિ મુજબના Accounting & Finance, Business Management, જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ આપવામાં આવે છે.

શ્રી ડો. એસ.પી. સિતાપરા, પ્રિન્સિપાલ, મો. ૯૮૨૫૯ ૩૮૦૪૮
વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૩૦ થી ૧૨:૦૦ સુધી
શ્રીમતિ વનીતા બી. સીતાપરા, મેનેજીંગ ટ્રસ્ટી
www.mdscollege.org

